અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ ઓક્ટોબર ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૫ | અંક : ૧૧૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ફડણવીસને નાગપુર સાઉથ વેસ્ટથી ટિકિટ**

## મહારાષ્ટ્રમાં ૯૯ ઉમેદવારોની પ્રથમ યાદી ભાજપે જાહેર કરી

### ભાજપના પ્રદેશ પ્રમુખ બાવનકુલે કામઠી, આશિષ શેલાર બાંદ્રા પશ્ચિમ, છત્રપતિ શિવેન્દ્ર રાજે ભોંસલે સતારાથી ચૂંટણી લડશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. જેમાં કુલ ૨૮૮ વિધાનસભા બેઠક પૈકી ૯૯ બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. મહારાષ્ટ્ર ભાજપના દિગ્ગજ નેતા તથા રાજ્યના ઉપમુખ્યમંત્રી ફડણવીસ નાગપુર દક્ષિણ-પશ્ચિમ બેઠકથી ચૂંટણી લડશે. જ્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ બાવનકુલે કામઠી, આશિષ શેલાર બાંદ્રા પશ્ચિમ, છત્રપતિ શિવેન્દ્ર રાજે ભોંસલે સતારાથી ચૂંટણી લડશે.

ભાજપ મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં ચૂંટણી લડવા જઈ રહ્યું છે. જેમાં ભાજપ, શિવસેના (શિંદે જૂથ), અને એનસીપી (અજિત પવાર) પક્ષ સામેલ છે. બેઠક ફાળવણી મુદ્દે છેલ્લા કેટલાક દિવસો સુધી યોજાયેલી લાંબી બેઠકો બાદ ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મહાયુતિ ગઠબંધન હેઠળ ભાજપ ૧૫૦-૧૬૦ બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારીમાં છે, જ્યારે શિવસેના ૭૫થી ૮૫ બેઠકો પર ટિકિટ આપશે. એનસીપી ૪૮-૫૫ બેઠકો પર ઉમેદવારોને ટિકિટ આપી શકે છે. ચૂંટણી પંચે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે, મહારાષ્ટ્રમાં ૨૦મીએ મતદાન યોજાશે, જ્યારે ૨૩મીએ ચૂંટણીના પરિણામની જાહેરાત કરાશે. જાહેર મુજબ ૨૨ ઓક્ટોબરે નોટિફિકેશન, નોમિનેશનની છેલ્લી તારીખ ૨૯ ઓક્ટોબર, નોમિનેશન સ્ક્રુટિની ૩૦ ઓક્ટોબર, ફોર્મ પાછું ખેંચવાની છેલ્લી તારીખ ચોથી નવેમ્બર રહેશે.





**ન્યૂઝ બ્રિફ**

### મુકેશ અંબાણીએ બદરીનાથ-કેદારનાથ ધામમાં કર્યા દર્શન



। બદરીનાથ, તા.૨૦ ।

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણી અને તેમનો પરિવાર અવારનવાર ધાર્મિક કાર્યો કરતા રહે છે, જેની તસવીરો અને વીડિયો પણ સોશિયલ મીડિયામાં છવાતા રહે છે. દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી દ્વારા આજે ફરી મોટું ધાર્મિક કાર્ય કરવામાં આવ્યું છે. તેઓએ આજે બદરીનાથ તેમજ કેદારનાથ ધામ પહોંચીને ભગવાનના દર્શન કર્યા છે. આ સાથે તેમણે મંદિરમાં પાંચ કરોડ રૂપિયાનું દાન પણ આપ્યું છે. કેદારનાથ મંદિર સમિતિના અધ્યક્ષ અજેન્દ્ર અજયે કહ્યું કે, ઉદ્યોગપતિ મુકેશ અંબાણી પહેલા બદ્રીનાથ ધામ પહોંચ્યા હતા. અહીં દર્શન કર્યા બાદ તેમણે કેદારનાથ ધામ જઈને દર્શન કર્યા હતા. સમિતિના ચેરમેન દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું.

### ગોવા-અમદાવાદ સહિત ૨૦ ફ્લાઈટોને બોમ્બથી ઉડાવવાના મેસેજથી હડકંપ

। નવી દિલ્હી, તા.૨૦ ।

છેલ્લા ઘણા દિવસોથી દેશની અનેક એરલાઈન્સ કંપનીઓની ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી રહી છે. આ સિલસિલો યથાવત્ હોય તેમ આજે (૨૦ ઓક્ટોબર) પણ અનેક ફ્લાઈટને ધમકીઓ મળી છે. મળતા અહેવાલો મુજબ વિસ્તારા અને અકાસા એર એરલાઈન્સની અનેક ફ્લાઈટોને બૉંબની ધમકીઓ મળી છે, જેના કારણે વિમાનોની ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી છે. બદમાશો દ્વારા આજે ઈન્ડિગો, વિસ્તારા, એર ઈન્ડિયા અને અકાસા એર એરલાઈન્સની ફ્લાઈટોને બૉંબની ધમકીઓ આપી છે. આજે ઓછામાં ઓછી આવી ૨૦ ધમકીઓ મળી છે. ઈન્ડિગોના એક પ્રવક્તાએ કહ્યું કે, જેદ્દાથી મુંબઈની ફ્લાઈટ નંબર ૬ઈ ૫૮, કોઝિકોડથી દમ્મમની ફ્લાઈટ નં.૬ઈ૮૭, દિલ્હીથી ઈસ્તંબુલની ૬ઈ૧૧, મુંબઈથી ઈસ્તંબુલની ૬ઈ૧૭, પુણેથી જોધપુરની ૬ઈ૧૩૩ અને ગોવાથી અમદાવાદની ફ્લાઈટ નંબર-૬ઈ૧૧૨ને ધમકીઓ મળી છે.

સિનિયર સિટિઝનોનું વીમા પ્રીમિયમ ઘટી જશે

## વીમા પ્રીમિયમઃ સિનિયર સિટિઝનોને GSTમાં મુક્તિ મળવાની શક્યતા

### જીએસટી માટે ગ્રૂપ ઓફ મિનિસ્ટરની મિટિંગમાં મોટાભાગના સભ્યો આ ભલામણ સ્વીકારવા સહમત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

આરોગ્ય અને જીવન વીમાનો ખર્ચ સતત વધતો જાય છે અને તેમાં પણ ૧૮ ટકા જીએસટીના કારણે લોકો પરેશાન થઈ ગયા છે. હવે કમસે કમ સિનિયર સિટિઝન્સને આ તોતિંગ જીએસટીમાંથી મુક્તિ મળે તેવી શક્યતા છે. લાંબા સમયથી જીવન વીમા અને આરોગ્ય વીમા પરના પ્રીમિયમ પર સિનિયર સિટિઝન્સને જીએસટીમાંથી મુક્તિ આપવાની માગ થઈ રહી છે. આગામી દિવસોમાં આ માગણી સ્વીકારાય તેવી સંભાવના છે. શનિવારે જીએસટી માટે ગ્રૂપ ઓફ મિનિસ્ટરની મિટિંગ થઈ હતી. તેમાં મોટાભાગના સભ્યો આ ભલામણ સ્વીકારવા સહમત થયા છે. બિહારના નાયબ મુખ્યમંત્રીના અધ્યક્ષપદે ગ્રૂપ ઓફ મિનિસ્ટરની મિટિંગ થઈ હતી જે પહેલી બેઠક હતી. તેમાં સામાન્ય માણસોને કર કપાતનો લાભ આપવા માટે ભલામણ કરવામાં આવી હતી. આ બેઠકમાં તમિલનાડુએ આરોગ્ય વીમા પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ વગર જીએસટીનો દર પાંચ ટકા રાખવા માટે ભલામણ કરી છે. બીજી તરફ જીવન વીમા પર લાગતો જીએસટી શૂન્ય કરવા એટલે કે સાવ હટાવી લેવાની ભલામણ કરી હતી. જોકે, અન્ય બધા જ સભ્યોએ સ્વાસ્થ્ય અને જીવન વીમા બંને પર જીએસટી રદ કરવાની ભલામણ કરી છે. ગ્રૂપ ઓફ મિનિસ્ટર (જીઓએમ)એ ટર્મ ફેમિલી ઈન્સ્યોરન્સ માટે પણ જીએસટીમાં છૂટ આપવાની ભલામણ કરી છે. તેમાં સિનિયર સિટિઝનને આરોગ્ય વીમા પર જીએસટીથી સંપૂર્ણ મુક્તિ આપવાની જ્યારે અન્ય લોકોને રૂ. ૫ લાખ સુધીના આરોગ્ય વીમા પર જીએસટી શૂન્ય કરવા પર સહમતિ બની છે. બીજી તરફ પાંચ લાખ રૂપિયાથી વધુના આરોગ્ય વીમાના પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી ચાલુ રાખવામાં આવશે. જીએસટીના રેટ તર્કસંગત હોવા જોઈએ તેવી પણ દલીલ થઈ છે અને જીઓએમમાં કેટલીક વસ્તુઓ પર ચર્ચા થઈ હતી. જેમ કે ૧૫,૦૦૦ રૂપિયાથી વધારે કિંમતના જૂતા અને ૨૫,૦૦૦ રૂપિયાથી વધારે કિંમતની ઘડિયાલ પર જીએસટી ૨૮ ટકા કરવાની સહમતી છે. હાલમાં આ બંને પર ૧૮ ટકા જીએસટી લાગુ થાય છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું

## સુપ્રીમ કોર્ટના કામને પરિણામોના દૃષ્ટિકોણથી ના જુઓ : ચીફ જસ્ટિસ

### સુપ્રીમના મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે લોક અદાલત હોવાનો અર્થ એ નથી કે, અમે સંસદમાં વિપક્ષની ભૂમિકા ભજવીએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે સુપ્રીમ કોર્ટ વિશે ઘણી બધી વાતો કહી છે. તેમણે સર્વોચ્ચ અદાલતને જનતાની અદાલત ગણાવી છે. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટ જનતાની અદાલત છે, તેનો અર્થ એ નથી કે તે સંસદમાં વિપક્ષની જેમ ભૂમિકા ભજવે છે. છેલ્લા ૭૫ વર્ષમાં સુપ્રીમ કોર્ટે જે રીતે ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે તે રીતે આપણે જાળવી રાખવું જોઈએ. આપણી કોર્ટ એવી નથી. આપણી કોર્ટ જનતાની અદાલત છે અને મને લાગે છે કે તેને આ રીતે જોવી જોઈએ.

દક્ષિણ ગોવામાં ઈન્ટરનેશનલ લીગલ કોન્ફરન્સને સંબોધતા, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, લોકોની અદાલત હોવાનો અર્થ એ નથી કે અમે વિપક્ષની ભૂમિકા ભજવીએ. મને લાગે છે કે આજે પણ સુપ્રીમ કોર્ટની ભૂમિકાને લઈને લોકોની વિચારસરણીમાં ઘણો ફરક છે. જ્યારે સર્વોચ્ચ અદાલત લોકોની તરફેણમાં ચુકાદો આપે છે, ત્યારે લોકો તેને એક અદ્ભુત સંસ્થા કહે છે, જ્યારે તેમની વિરુદ્ધ ચુકાદો આવે છે, ત્યારે લોકો તેને બદનામ કરવાનો પ્રયાસ કરે છે. આ એક ખોટી પ્રથા છે અને આ ના થવુ જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે, તમે સુપ્રીમ કોર્ટની ભૂમિકા, સુપ્રીમ કોર્ટના કામને પરિણામોના પરિપ્રેક્ષ્યથી જોઈ ના શકો. વ્યક્તિગત બાબતોના પરિણામો તમારા પક્ષમાં હોઈ શકે છે, વ્યક્તિગત બાબતોના પરિણામો તમારી વિરુદ્ધ પણ હોઈ શકે છે. ન્યાયાધીશોને કેસોના આધારે નિર્ણય કરવાનો સ્વતંત્ર અધિકાર છે, કોની તરફેણમાં અને કોની વિરુદ્ધમાં ચુકાદો આપવો. લોકોએ ચુકાદાના આધારે સર્વોચ્ચ અદાલતની ટીકા ના કરવી જોઈએ.

### ડાન્સ કરવા ગયો ને માથું ધડથી અલગ થઈ ગયું

। આગરા, તા.૨૦ ।

સોશિયલ મીડિયા પર રીલ બનાવવાનું લોકોમાં એવું ભૂત સવાર થયું છે કે લોકો નિયમ અને કાયદાના ધજાગરા ઉડાવતા પણ ડરતા નથી, તેમાં ઘણી વાર પોતાનો જ જીવ પણ જોખમમાં નાખી દેતા હોય છે. તાજેતરમાં ઉત્તર પ્રદેશના આગરામાંથી આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જ્યાં રીલ બનાવવાના ચક્કરમાં યુવક સાથે મોટી દુર્ઘટના થઈ ગઈ. લોખંડની જાળીથી યુવકનું માથું ધડથી અલગ થઈ ગયું. જેના કારણે તેનું મોત થઈ ગયું. આવો જાણીએ શું છે આ સમગ્ર કિસ્સોપ. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આગરામાં આવેલા નમક કી મંડીના જૌહરી પ્લાઝાનો આ વીડિયો હોવાનું કહેવાય છે.

દિવાળી પહેલા દિલ્હીમાં બ્લાસ્ટ

## CRPF સ્કૂલની બહાર થયો ધડાકો, સફેદ પાઉડર મળતા ભારે હડકંપ

### લાસ્ટનો અવાજ સાંભળીને લોકો ગભરાયા અને વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ ગઈ જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હીમાં આજે (૨૦મી ઓક્ટોબર) સવારે લગભગ ૭.૩૦ વાગ્યે રોહિણીના પ્રશાંત વિહાર વિસ્તારમાં સીઆરપીએફ સ્કૂલની નજીક એક જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટનો અવાજ સાંભળીને લોકો ગભરાઈ ગયા અને વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ ગઈ જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. રાહતની વાત એ છે કે આ બ્લાસ્ટમાં કોઈને જાનહાની થઈ નથી.



અહેવાલો અનુસાર, આ ઘટનાની માહિતી મળતા જ NSG, દિલ્હી પોલીસ, FSL ટીમ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. વિસ્ફોટના સ્ત્રોતને શોધવા માટે તપાસ ચાલુ છે. આ વિસ્ફોટ બાદ સ્થળ પર સફેદ પાવડર મળી આવ્યો છે. બ્લાસ્ટને કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો અને નજીકમાં પાર્ક કરાયેલા વાહનો અને ઘરોના કાચ તૂટી ગયા હતા.

આ ઘટના અંગે માહિતી આપતા ડીસીપી અમિત ગોયલે જણાવ્યું હતું કે, 'બ્લાસ્ટનું સાચું કારણ જાણવા માટે નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા છે. હાલમાં તે સ્પષ્ટ નથી થયું કે આ બ્લાસ્ટ કયા પ્રકારનો હતો અને તેનો સ્ત્રોત કયો છે. નિષ્ણાત ટીમ ઘટનાની ઝીણવટભરી તપાસ કરી રહી છે અને ટૂંક સમયમાં જ સ્થિતિ સ્પષ્ટ થશે.' ઉલ્લેખનીય છે.

### પન્નુનની હત્યાનું ષડયંત્રઃ વિકાસ યાદવના પરિવારો આરોપો નકાર્યા

। નવી દિલ્હી, તા.૨૦ ।

અમેરિકામાં ખાલિસ્તાની ત્રાસવાદી ગુરપતવંતસિંહ પન્નુનની હત્યાના કાવતરા માટે રોના ભૂતપૂર્વ એજન્ટ વિકાસ યાદવે કાવતરું ઘડ્યું હોવાનો આરોપ મૂકવામાં આવે છે પરંતુ યાદવના પરિવારે આ આરોપોને નકારી કાઢ્યા છે. તેમનું કહેવું છે કે વિકાસ યાદવ માત્ર દેશ માટે કામ કરતો હતો. તેમને આ પ્રકારના આરોપોથી આઘાત લાગ્યો છે. વિકાસ યાદવના પરિવારના કહેવા પ્રમાણે ૩૯ વર્ષીય વિકાસે પણ આરોપોને સદંતર નકારી કાઢ્યા છે અને તેને ખોટા મીડિયા રિપોર્ટ્સ ગણાવ્યા છે. તેમનો પરિવાર નવી દિલ્હીથી લગભગ ૧૦૦ કિમી દૂર પ્રાણપુરમાં વસે છે.

પોસ્ટના વિરોધમાં સેંકડો લોકો રસ્તા પર

## મુઝફ્ફરનગરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટને લઈને હોબાળો

।(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૨૦।

મુઝફ્ફરનગરમાં એક સોશિયલ મીડિયા પોસ્ટને લઈને હોબાળો મચી ગયો છે. જિલ્લાના બુઢાણા વિસ્તારમાં પયગમ્બર સાહેબનું અપમાન કરતી પોસ્ટના વિરોધમાં શનિવારે મોડી રાત્રે મુસ્લિમ સમુદાયના સેંકડો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધ વધતાં પોલીસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરનારની ધરપકડ કરી લીધી છે. પોલીસ હવે આ મામલે તપાસ કરી રહી છે. મુઝફ્ફરનગર પોલીસે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ જારી કરીને આ બાબતની જાણકારી આપી છે કે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે પોતાની પોસ્ટમાં જણાવ્યું કે, 'બુઢાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક યુવક દ્વારા અન્ય સમુદાય વિરુદ્ધ સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ શેર કરવાની ઘટનાના સંદર્ભમાં ઉચ્ચ અધિકારીઓને શાંતિ જાળવી રાખવાની અપીલ કરતા વિરોધ-પ્રદર્શનન સમાપ્ત કરી દેવામાં આવ્યો છે.

ગેંગસ્ટરના ભાઈનો દાવો

## લોરેન્સ બિશ્નોઈ જેલમાં પણ પહેરે છે મોંઘા કપડાં અને શૂઝ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

બાબા સિદ્દીકીની હત્યા બાદ દેશમાં ફરી એકવાર લોરેન્સ બિશ્નોઈનું નામ ચર્ચામાં છે. લોરેન્સ બિશ્નોઈના પિતરાઈ ભાઈએ ખુલાસો કર્યો છે કે જ્યારે તેઓ જેલમાં છે ત્યારે તેમનો પરિવાર તેમની સંભાળ પાછળ દર વર્ષે ૩૫ થી ૪૦ લાખ રૂપિયા ખર્ચે છે. ધ ડેલી ગાર્ડિયનના અહેવાલ મુજબ, ૫૦ વર્ષીય રમેશ બિશ્નોઈએ એમ પણ કહ્યું કે પરિવારે ક્યારેય વિચાર્યું ન હતું કે તે ભવિષ્યમાં અપરાધી બની જશે. રિપોર્ટ અનુસાર, લોરેન્સ બિશ્નોઈના પિતરાઈ ભાઈ રમેશે કહ્યું, "અમે હંમેશાથી અમીર રહ્યા છીએ. લૉરેન્સના પિતા હરિયાણા પોલીસમાં કોન્સ્ટેબલ હતા અને ગામમાં તેમની ૧૧૦ એકર જમીન છે. લૉરેન્સ હંમેશા મોંઘા કપડા અને જૂતા પહેરતો હતો. હજુ પણ તે જેલમાં છે ત્યારે પરિવાર તેની પાછળ વાર્ષિક ૩૫-૪૦ લાખ રૂપિયા ખર્ચે છે.

લૉરેન્સ ગેંગે એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી સ્વીકારી છે અને દાવો કર્યો છે કે સલમાન ખાન સાથેની નિકટતાને કારણે તેણે આ હત્યા કરી હતી. જો કે પોલીસ આ હત્યામાં લૉરેન્સ બિશ્નોઈની સંડોવણી અંગે તપાસ કરી રહી છે.

જારો વાર બળાત્કાર થયો, બાળકોનું માંસ ખાવડાવ્યું

## ISISની ચુંગાલમાંથી બહાર નિકળેલી મહિલાએ જણાવી પોતાની આપવીતી

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૨૦ ।

ગાઝામાંથી ઈઝરાયેલી સેના દ્વારા બચાવાયેલી યઝીદી મહિલાએ તેની ભયાનક સ્થિતીનું વર્ણન કર્યું છે. ફૌઝિયા અમીન સિદો, એક યઝીદી મહિલા, જેને બે અઠવાડિયા પહેલા બચાવી લેવામાં આવી હતી, તેણે ISIS દ્વારા પકડવામાં આવી હતી ત્યારે તેણે તેના પર કરેલા ભયાનક અત્યાચારોને યાદ કર્યા હતા, સિદોએ કહ્યું કે તેને અને તેના ભાઈઓને ISISના લાડાકુઓએ નવ વર્ષની ઉંમરે પકડી લીધા હતા. થોડા દિવસો પછી, મને અન્ય હજારો બંધકો સાથે સિંજારથી તાલ અફાર સુધી ચાલવાની ફરજ પડી. અમને સતત ત્રણ દિવસ ભૂખ્યા રાખ્યા પછી, આતંકવાદીઓએ અમને ખાવા માટે માંસ અને ભાત આપ્યા, અમને બધાને માંસનો સ્વાદ વિચિત્ર લાગ્યો, પરંતુ ત્રણ દિવસ સુધી ભૂખ્યા રહેવાથી અમે બધાએ તે ભાત અને માંસ ખાધું. ધ જેરુસલેમ પોસ્ટ સાથેની તેમની મુલાકાતમાં સિદોએ કહ્યું કે અમે બધાએ તે ચોખા અને માંસ ખાધા પછી કેટલાક લોકોને પેટમાં દુખાવો થવા લાગ્યો. ISIS લોકોએ અમને પાછળથી કહ્યું કે તેઓએ અમને ખાવા માટે જે માંસ આપ્યું હતું તે યઝીદી બાળકોનું હતું. પોતાની વાત સાબિત કરવા માટે તેણે અમને માસુમ બાળકોના માથા કપાયેલા તસવીરો પણ બતાવી અને કહ્યું કે આ એ જ બાળકો છે જેને તમે હમણા જ ખાધા.

**જાહેર નોટીસનો જવાબ**

મે. કેપ્રી ગ્લોબલ હાઉસીંગ ફાયનાન્સ લિમિ.નાઓ દ્વારા તા.૧૧/૧૦/૨૦૨૪ના રોજ ફાઈનાન્સીયલ એક્સપ્રેસમાં આપવામાં આવેલ નીચેની મિલકતની જાહેર હરાજીની બાબતમાં અમારા અસીલશ્રી જીજ્ઞેશ મહેતાની સૂચનાથી જણાવવાનું કે અમારા અસીલે કંપનીની સરફેસીના કાયદાની કલમ-૧૪ની અરજી ઉપર, અમદાવાદ ગ્રામ્ય કોર્ટના ઉજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ અમારા અસીલની મીલકતનો કબજો લેવાના તા.૧૪/૦૬/૨૦૨૪ના હુકમને જીલ્લા કોર્ટ સમક્ષ ક્રિમી. રીવીઝન અરજી નં. ૧/૨૦૨૪ કરીને પડકારેલ છે. વળી કંપની દ્વારા ગીરો દસ્તાવેજ ઉપર રૂા. ૨૫,૬૪,૭૬૦/-ની સ્ટેમ્પ ડ્યુટીની ચોરીની પીટીશન પણ ગુજરાત સરકારને કરવામાં આવી છે. આ સંજોગોમાં આ મિલકતને વેચાણ લેનારને કોઈ ચોખ્ખા ટાઈટલ્સ મળે તેમ નથી, તેની સૌ લાગતા-વળગતા નોંધ લે.

**મીલકતનું વર્ણન**

ફ્લેટ નં. બી-૮૦૫, ૮મે માળ,
અર્થ એવન્યુ ફ્લેટ,
આનંદનગર સર્કલ પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫

દેવેશ ભટ્ટ, એડવોકેટ
૩૦૩, જે-બ્લોક, સનસીટી,
સેક્ટર-૧, સાઉથ બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૭
મો. નં. ૯૭૨૭૫ ૧૭૪૯૮
૮૫૧૧૪ ૪૬૪૩૦

અમદાવાદ
તા. ૨૧/૧૦/૨૦૨૪






રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગીર-સોમનાથ જિલ્લાના ઉના ખાતે સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ સંસ્થાનની નૂતન શાખા સ્વામિનારાયણ ગુરુકુળ, ઉના તેમજ સહજાનંદ ધામનું ભૂમિપૂજન તેમજ શિલાન્યાસ કર્યુ હતું.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં બે યુવકોને ટોળાએ ચોર સમજી ધોઈ નાખ્યા, એકનું

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી રાત્રીના સમયે 'ચોર આવ્યા.. ચોર આવ્યા'ની બૂમો સંભળાઈ રહી છે. જે બાદ લોકોની ભીડ એકઠી થાય છે. ગત મોડીરાત્રે વારસિયા વિસ્તારમાં બે યુવકોને ચોર સમજીને ૩૦૦ની ટોળકીએ નગ્ન કરીને બેરહેમીથી માર માર્યો હતો, જેમાંથી એકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય યુવકને ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. મૃતક યુવકની માતાએ હોસ્પિટલ પર હુમલો કરીને કહ્યું હતું કે, પોલીસે શું કર્યું? અમને ન્યાય જોઈએ છે. આ ઘટનામાં ટોલા સામે મોબ લિંચિંગનો કેસ નોંધવામાં આવ્યો છે. ડીસીપી પન્ના મોમાયાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે લોકોએ મારપીટ કરનારા બે રિધાઓને પોલીસે ગુનેગાર તરીકે નોંધ્યા છે. મૃતક યુવક સામે ચોરીના ૧૦ ગુના નોંધાયેલા છે અને તે તાજેતરમાં જેલમાંથી મુક્ત થયો હતો. ઈજાગ્રસ્ત યુવક પણ ૭ ગુનામાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ટોળા વિરુદ્ધ મોબ લિંચિંગનો કેસ નોંધ્યો છે. હાલ પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. મૃતક સહિત ત્રણેય શખ્સો ચોરીનું બાઈક લઈને ચા પીવા ગયા હતા. જ્યારે પોલીસ તેમને બચાવવા ગઈ ત્યારે ત્રણ પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. આ મામલે પણ કેસ નોંધવામાં આવ્યો છે. ચોરીની બાઈક અંગે પણ ફરિયાદ નોંધાઈ છે. મૃતક યુવક સહબાજ ખાન (ઉંમર ૨૧)ના પોસ્ટમોર્ટમની પ્રક્રિયા સયાજી હોસ્પિટલમાં હાથ ધરવામાં આવી છે. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા અકરમ ઈમરાનને સયાજી હોસ્પિટલના ન્યુ સર્જીકલ વિભાગમાં સારવાર આપવામાં આવી રહી છે.

### ડીસામાં ૪૬ લાખની લૂંટમાં ૨૫૦ CCTV ચકાસી અંતે ૭ શખ્સો ઝડપી લેવાયા

। (એજન્સી) ડીસા, તા.૨૦ ।

ડીસાની ૪૬ લાખની આંગડિયા લૂંટ મામલે ૭ ઝડપાયા, ગુનાને અંજામ આપતાં પહેલાં ૬ મહિના સુધી રેકી કરી હતી. બનાસકાંઠાના ડીસામાં થયેલી ચકચારી ૪૬ લાખ રૂપિયાની લૂંટમાં અંતે પોલીસે ૭ લૂંટારાઓને ઝડપી લીધા છે. પોલીસે આરોપીઓને ઝડપી લેવા માટે આસપાસના અંદાજે ૨૫૦ જેટલા CCTV ચકાસ્યા હતા. આરોપીઓએ લૂંટના ગુનાને અંજામ આપવા માટે આંગડિયા પેઢીના કર્મચારીઓની છેલ્લા છ મહિનાથી રેકી કરી હોવાનું સામે આવ્યું છે. ત્યાર બાદ જેલમાં બંધ એક આરોપીની મદદથી મધ્યપ્રદેશથી તમંચાની ખરીદી કરી લૂંટને અંજામ આપ્યો હતો. ડીસા શહેરની જૂની કોર્ટની સામે રાજ ઝેરોક્સની પાછળ આવેલા કોમ્પ્લેક્સમાં એચ.એમ. આંગડિયા પેઢીની ઓફિસ આવેલી છે. ૧૪ ઓક્ટોબરે આંગડિયા પેઢી ધરાવતા ટીનાભાઈ રાજપૂતના ડીસાના સ્મશાન ગૃહ નજીક આવેલા ઘરેથી તેમના ઓફિસના સ્ટાફનો કર્મચારી નિકુલ પંચાલ રોકડ રકમ ભરેલો થેલો લઈ ઓફિસે જવા નીકળ્યો હતો. એક્ટિવા પર નિકુલ વાડી રોડ થઈ લાલચાલી વિસ્તારમાંથી નીકળતાં જ બે અજાણ્યા શખસે તેને આંતર્યો હતો.

---

ગુજરાત સરકારનો મોટો આદેશ

# રાજ્ય સરકારના કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત બનાવાયું

### ગુજરાતમાં સરકારી કર્મચારીઓએ વાહન ચલાવનાર અને પાછળ બેસનાર બંને વ્યક્તિઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવા પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદ પોલીસ બાદ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત બનાવાયું છે. સરકારી કચેરીઓમાં આવતા દ્વિચક્રી વાહનો પર હેલ્મેટ ફરજિયાત બનાવ્યું છે. હવેથી ગુજરાતમાં સરકારી કર્મચારીઓએ વાહન ચલાવનાર અને પાછળ બેસનાર બંને વ્યક્તિઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવા પડશે. એટલું જ નહિ, ફરજિયાત હેલ્મેટ ન પહેનારનો પ્રવેશ સરકારી ઓફિસોમાં અટકાવવામાં આવી શકે છે. સરકારે પરિપત્ર જાહેર કરીને આ અંગે માહિતી આપી છે. સરકારે એક પરિપત્રમાં જણાવ્યું કે, રાજ્યમાં વધતા જતા માર્ગ અકસ્માતો અને તેનાથી થતી ગંભીર ઈજા/મૃત્યુના બનાવો ધ્યાને લેતાં માર્ગ સલામતી, લોકજાગૃતિ તથા ટ્રાફિક નિયમોનું પાલન અત્યંત જરુરી છે. દ્વિચક્રી વાહન ચાલકો માટે હેલ્મેટનો ઉપયોગ એ કાયદાનું પાલન ઉપરાંત વ્યક્તિની સુરક્ષા સુનિશ્ચિત કરે છે, જેના પરિણામે માર્ગ અકસ્માતો વખતે ગંભીર ઈજાઓ અને મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તેમ છે. આથી, રાજ્ય સરકારના તમામ સરકારી કર્મચારીઓ/ અધિકારીઓ દ્વારા જવાબદારી પૂર્વક કાયદા પાલન અને સલામતી/ સુરક્ષા માટે વાહન ચલાવતા સમયે નિયત ધોરણસરનો હેલ્મેટ ફરજીયાત પણે ઉપયોગ કરે તે આવશ્યક છે. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ મુજબ નિયમ-૧૨૯ હેઠળ, દ્વિચક્રી વાહન ચલાવતા સમયે હેલ્મેટ પહેરવું ફરજિયાત હોવાથી, સરકારની પુખ્ત વિચારણાને અંતે રાજ્યની તમામ સરકારી કચેરીઓનાં પરિસરમાં દ્વિચક્રી વાહન મારફતે આવતા-જતા અધિકારીઓ-કર્મચારીઓ-સ્ટાફ માટે નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે. ૧. સચિવાલયના તમામ વિભાગો, રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, નિગમો, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં દ્વિચક્રી વાહન (મોટર સાઈકલ, સ્કુટર વગેરે) પર આવતા-જતાં વાહનચાલક તથા પાછલી સીટ પર બેસનાર અધિકારીઓ/કર્મચારીઓએ ફરજીયાતપણે, નિયત ધોરણસરનું હેલ્મેટ પહેરીને જ સરકારી કચેરીના પરિસરમાં પ્રવેશ લેવાનો રહેશે, અન્યથા તેઓને સરકારી કચેરીના પરિસરમાં પ્રવેશ અટકાવી શકાશે.

---

તુરખેડા ગામની રસ્તાની હાલત ખરાબ

# રસ્તાના અભાવે પ્રસુતાને ઝોળીમાં નાખી સામૂહિક આરોગ્ય કેન્દ્ર પહોંચાડાઈ

### અંતરિયાળ વિસ્તારોમાં રોડની સુવિધા માટે પણ લોકો વલખાં મારી રહ્યા છે અને તેના સૌથી વધુ ભોગ બનવાનો વારો આવે છે

। (એજન્સી) છોટા ઉદેપુર, તા.૨૦ ।

ફરી એકવાર છોટા ઉદેપુરથી કહેવાતા વિકાસશીલ ગુજરાતના દાવાની પોલ ખોલતા દશ્યો છોટા ઉદેપુરથી જ સામે આવ્યા છે.જ્યા રસ્તાના અભાવે તુરખેડા ગામની પ્રસુતાના મોતની ઘટનાને માંડ મહિનો વીત્યો હશે ત્યા ફરી એ જ ગામની માનુકલા ફળીયાની પ્રસુતાને રસ્તાના અભાવે ઝોળીમાં નાખીને લઈ જવાની ફરજ પડી. ગામમાં સારો રસ્તો ન હોવાથી એમ્બ્યુલન્સ પહોંચે તે શક્ય ન હોવાથી છાશવારે બને છે તેમ જ સગર્ભા મહિલાને ઝોળીમાં નાખીને લઈ જવાનો વારો આવ્યો.

એક તરફ મહિલાને પ્રસુતીની પીડા અને ઉપરથી ઉબડ-ખાબડ રસ્તા પર જીવના જોખમે, જીવ હથેળીમાં રાખી ઝોળીમાં ઝુલતા ઝુલતા પસાર થવાનુ. આ મહિલાની માનસિક કે શારીરિક પીડાની તો કહેવાતા અધિકારીઓને કલ્પના શુધ્ધા નથી. એક – બે મીટર નહીં પરંતુ આ રીતે ત્રણ કિલોમીટરનો રસ્તો સગર્ભાને આ રીતે ઝોળીમાં નાખીને પસાર કરાવવામાં આવ્યો અને આંબા ડુંગર સુધી પહોંચાડવામાં આવી. જે બાદ ત્યાં ૧૦૮ આવી પહોંચતા મહિલાને ક્વાંટ સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર લઈ જવામાં આવી. પ્રસુતિ બાદ મહિલાએ બાળકને જન્મ આપ્યો છે. પરંતુ મુદ્દો એ છે કે સારવાર મોડી મળવાને લીધે જો કોઈ દુર્ઘટના ઘટી હોત તો ?

આ મુદ્દે હાઈકોર્ટ પણ ફટકાર લગાવી ચુકી છે. કોર્ટે પણ સુઓમોટો લઈ ગામની સુવિધા વધારવા ટકોર કરી છે પરંતુ તંત્ર માત્ર સરવે કરાવીને સંતોષ માની રહ્યુ છે. સરકારે કરોડોના ખર્ચે રસ્તો બનાવવાની જાહેરાત તો કરી દીધી પરંતુ જમીન પર કોઈ કામગીરી દેખાતી નથી. ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે ગૃહમંત્રી કે પ્રધાનમંત્રી મુલાકાત લેવાના હોય તો રાતોરાત નવાનક્કોર રસ્તા તૈયાર થઈ જાય છે પરંતુ સામાન્ય લોકો માટે એક ૨૦-૨૦ દિવસ બાદ પણ રસ્તો બનાવવાની શરૂઆત પણ થતી નથી. આટલુ ઓછુ હોય તેમ સ્થાનિકના જણાવ્યા મુજબ કડીપાણી આરોગ્ય કેન્દ્રમાં કાયમી તબીબ પણ નથી. આ અંગે દૃ૯ દ્વારા સ્થાનિક ધારાસભ્યને પૂછવામાં આવ્યુ તો તેમણે પણ કાયમી ડૉક્ટર ન હોવાનો સ્વીકાર કર્યો. જો કે લુલો બચાવ કરતા સ્થાનિક ધારાસભ્ય જયંતી રાઠવાએ વહેલી તકે રસ્તો બનાવવાની ખાતરી આપી. હવે આ વહેલી તકે ક્યારે આવશે તે તો તેઓ જ જાણે.

---

# આજવા રોડની નવજીવન સોસાયટી માં મોડી રાત્રે ચાર લુંટારાઓ ત્રાટક્યા

### પરિવારને હથિયારો વડે બાનમાં લઈ ૨૦ તોલા સોનાના દાગીના બે કિલો ચાંદી અને અઢી લાખ રોકડા લૂંટીને ફરાર

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

આજવા રોડની નવજીવન સોસાયટીમાં રહેતા ફેક્ટરી માલિક ના ઘરે મોડી રાત્રે ત્રણ વાગે ચાર બુકાની ધારી લુંટારાઓ ત્રાટક્યા હતા. સોસાયટીના મુખ્ય રસ્તા પર આવેલા મકાનમાં અંદર ઘૂસીને પરિવારને મારક હથિયારો વડે બાનમાં લઈ ૨૦ તોલા સોનાના દાગીના બે કિલો ચાંદી અને અઢી લાખ રોકડા રૂપિયા લૂંટીને ફરાર થઈ ગયા હતા.

શહેરમાં ચોરી કરતી ગેંગ ફરતી હોવાને અફવાઓની વચ્ચે ગઈકાલે વારસિયા વિસ્તારમાં એક યુવકને ટોળાએ રહેસી નાખ્યો હતો. હજી આ ગુનામાં આરોપીઓને પકડવાની કામગીરી ચાલી રહી છે ત્યારે જ બીજી એક ઘટના આજવારોડ ના ભરચક વિસ્તાર પણ બની છે. આજવા રોડની નવજીવન સોસાયટીમાં રહેતા અશોકભાઈ સિંઘલા સરદાર એસ્ટેટમાં ફેક્ટરી ચલાવે છે ગઈકાલે રાત્રે અશોકભાઈ તેમના પત્ની તથા પુત્ર અમન ઘરમાં સુતા હતા. મોડી રાત્રે ૩:૦૦ વાગે કાર લઈને આવેલા ચાર લૂંટારાઓ કમ્પાઉન્ડ કુદીને અંદર આવ્યા હતા અને રસોડાના દરવાજાનું ઈન્ટરલોક તોડી અંદર ઘુસ્યા હતા બેડરૂમમાં પરિવાર સૂતો હતો તે બેડરૂમના દરવાજાનું પણ ઈન્ટરલોક તોડી નાખ્યું હતું અને પરિવાર કંઈ સમજે તે પહેલા જ તલવાર અને ખંજર જેવા હથિયારો વડે પરિવારને બાનમાં લીધો હતો તિજોરી તોડીને ૨૦ તોલા સોનાના દાગીના, બેડના કબાટમાં મૂકેલી બે કિલો ચાંદી તથા રોકડા અઢી લાખ રૂપિયા લઈ લીધા હતા પરિવારે શરીર ઉપર પહેરેલા દાગીના પણ ધમકાવીને ઉતારી લીધા હતા પરિવાર રડતો રહ્યો ઘર તો રહ્યો હતો લૂંટની ઘટનાને અંજામ આપીને માત્ર ૧૦ મિનિટમાં લૂંટારાઓ બેડરૂમનો દરવાજો બહારથી બંધ કરીને ફરાર થઈ ગયા હતા.

---

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વડોદરા તંત્રને કટાક્ષ

# માત્ર CM અને PM આવે ત્યારે જ સફાઈ થાય તેવું ના હોવું જોઈએ

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

'વડોદરા તો સંસ્કાર નગરી છે અને એટલે જ સ્વચ્છતાને સ્વભાવ બનાવીને તેને સંસ્કારમાં ઉતારવો પડે. માત્ર સીએમ અને પીએમ આવે ત્યારે જ સફાઈ થાય તેવું ના હોવું જોઈએ. વડાપ્રધાને સફાઈ અભિયાન શરૂ કર્યું છે ત્યારે આપણે બધાએ તેમાં જોડાવું પડશે. સરકાર અને કોર્પોરેશન તો આ કામ કરશે પણ વડોદરાના લોકોએ સાથે રહીને આ કામ કરવાનું છે.' મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૯ ઓક્ટોબરે બરોડા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા આયોજિત સ્ટાર્ટઅપ સિનર્જી નામના કાર્યક્રમમાં હળવી શૈલીમાં આવી ટકોર કરી હતી. વડોદરાની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાના વહીવટી તંત્રના અધિકારીઓને અરીસો બતાવતું આ નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે.

---

અમદાવાદમાં મોટા કૌભાંડનો પર્દાફાશ

# રેશનિંગનું અનાજ બારોબાર વેચી માર્યું, ૩૮ લાખનો જથ્થો જપ્ત

### ગોડાઉનમાં દરોડો પાડીને ઘંઉ, ચોખા, તુવેર દાળ અને બાજરાનો રૂપિયા ૩૮ લાખનો જથ્થા સાથે કુલ ૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

બાપુનગરમાં રહેતા બે ભાઈઓ સરકારી જથ્થાના સસ્તા અનાજના વેપારીઓ પાસેથી બારોબાર અનાજ અને કઠોળનો જથ્થો બારોબાર ખરીદીને ખોટા ઈનવોઈસ બિલના આધારે સગેવગે કરતા હોવાના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે.

જેમાં સીઆઈડી ક્રાઈમે જેતલપુર પાસે ગોડાઉનમાં દરોડો પાડીને ઘંઉ, ચોખા, તુવેર દાળ અને બાજરાનો રૂપિયા ૩૮ લાખનો જથ્થા સાથે કુલ ૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને બે સગાભાઈઓ સહિત ચાર લોકો વિરૂદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરી છે. આ કૌભાંડમાં સસ્તા અનાજની દુકાનના વેપારીઓની સંડોવણી હોવાનું પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સીઆઈડી ક્રાઈમના અધિકારીઓને બાતમી મળી હતી કે બાપુનગર ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા સુશીલ ગોયેલ સૌરભ ટ્રેડર્સના નામે અમદાવાદમાં આવેલી સસ્તા અનાજની દુકાનોના વિક્રેતાઓ પાસેથી ખોટા બિલ બનાવીને લાભાર્થીઓના હકનો અનાજનો જથ્થો બારોબાર સગેવગે કરીને મોટા પ્રમાણમાં વેચાણ કરે છે.

જે બાતમીને આધારે પોલીસે અમદાવાદ-ખેડા હાઈવે પર જેતલપુર સ્થિત વી વી એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં દરોડો પાડ્યો હતો. જેમાં એક પીકઅપ ગાડીના ડ્રાઈવર ગોપાલ ગોયેલે જણાવ્યું હતું કે તેનો ભાઈ સુશીલ ગોયેલ તેની સાથે મળીને સસ્તા અનાજની દુકાનમાંથી અનાજ અને કઠોળ લાવીને વેચાણ કરે છે. આ જથ્થો વી વી એગ્રો આપવાનો હતો. પોલીસે વી વી એગ્રોના વસંતભાઈ પ્રજાપતિ (રહે. મંગલમૂર્તિ સોસાયટી, ઘોડાસર)ની પુછપરછ કરીને તેના ગોડાઉનમાં તપાસ કરતા બાજરીના રૂપિયા ૨.૪૫ લાખની કિંમતના ૧૮૨ કટ્ટા, ચોખાના રૂપિયા ૧૩.૩૮ લાખની કિંમતના ૧૯૫૩ કટ્ટા, ઘંઉના રૂપિયા ૧૨.૪૦ લાખની કિંમતના ૯૧૯ કટ્ટા અને તુવેર દાળના રૂપિયા ૯.૨૫ લાખની કિંમતના ૧૨૫ કટ્ટા મળી આવ્યા હતા.

આ કૌભાંડમાં સુશીલનો ભત્રીજો આશિષ ગોયેલ પણ સામેલ હતો. આ અંગે વધુ માહિતી આપતા પોલીસ ઈન્સ્પેક્ટર એ વાય બલોચે જણાવ્યું કે સુશીલ ગોયલ ૨૦૨૦થી સસ્તા અનાજની દુકાનોમાંથી બારોબાર સરકારી અનાજનો જથ્થો લઈને ગેરકાયદેસર વેચાણ કરતો હતો.

---

૪૦૦૦ વીડિયો ડાઉનલોડ કરીને વેચી દેવાયા

# ઓનલાઈન ક્લાસની એપ્લિકેશનમાંથી ૪૦૦૦ વીડિયો ડાઉનલોડ કરાયા

### ગાંધીનગરમાં અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ફી લઈ ઓનલાઇન તાલીમ આપતી એપ્લીકેશન હેક

। (એજન્સી) ગાંધીનગર,તા.૨૦ ।

આજકાલ, ઑનલાઈન શિક્ષણ વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યું છે. ઘણી પરંપરાગત યુનિવર્સિટીઓ તેમના અભ્યાસક્રમોને નિઃશુલ્ક ઓનલાઈન શેર કરે છે. પરંતુ ઑનલાઈન ક્લાસની એપ્લિકેશનમાંથી પણ ઠગાઈ થાઈ હોવાનું સામે આવ્યું છે. ગાંધીનગરમાં અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રૂ. ૫ થી ૨૫ હજાર સુધીની ફી લઈ ઓનલાઈન તાલીમ આપતી એપ્લીકેશન હેક કરીને તેમાંથી વીડિયો ડાઉનલોડ કરીને સસ્તામાં વેચી દેવામાં આવ્યા હોવાની ફરિયાદ દાખલ થઈ છે. ભેજાબાજ શખ્સોએ ચાર હજાર જેટલા રેકોર્ડેડ વીડિયો એસ્ટ્રેક્ટ કરીને ટેલીગ્રામ ચેનલ પર સસ્તા ભાવે વેચી દીધા હોવાની ફરિયાદ થઈ છે. આ મામલે આર્થિક નુકસાની થતાં રાજધાનીના સેકટર – ૭ પોલીસ મથકમાં સાયબર એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં જ્ઞાન એકેડેમી ચલાવતા મહેશભાઈ આહજોલીયાએ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેની ઑનલાઈન તથા ઓફ લાઈન તાલીમ આપે છે.

ઓનલાઈન તાલીમ માટે જ્ઞાન લાઈવ નામની એપ્લીકેશન મારફતે રેકોર્ડેડ અને લાઈવ કોર્સીસના વિડીયો મૂકવામાં આવે છે. અને રૂ. ૫ થી ૨૫ હજાર સુધીની ફી લઈ એપ્લીકેશન મારફતે ઓનલાઈન તાલીમ આપવામાં આવે છે. આ વીડિયોને કોઈ સ્કીન શોર્ટ, સ્ક્રીન રેકોર્ડીગ તથા ફોરવર્ડ કરી શકાતું નથી. વિડીયો માત્ર એપ્લીકેશનમાં જ ડાઉનલોડ થઈ શકે તે રીતે વ્યવસ્થા રાખેલી છે. જુન ૨૦૨૪માં તેમની સંસ્થા સિવાય વેબ સંકુલ, પ્રાજશ્વ ફાઉન્ડેશન, વચન ઓનલાઈન, ધ્યેય ઈન્સ્ટિટ્યૂટ, વર્લ્ડ ઈનબૉક્સ, સાધ્યમ એકેડેમી અને વિવેકાનંદ એકેડમીના એપ્લીકેશનના ચારેક હજાર રેકોડેડ વીડિયો એસ્ટ્રેક્ટ કરી કોઈ ભેજાબાજ શખ્સોએ પોતાની ટેલીગ્રામ ચેનલ પર મૂક્યા હતા. અને તેને ૨૦૦ થી ૮૦૦ રૂપિયામાં વિદ્યાર્થીઓને વેચવામાં આવી રહ્યા છે. જેની વધુ તપાસ કરતા ટેલીગ્રામ ગ્રુપના એડમીન તરીકે joinhider bot યુઝર નેમ @Join_hider_bot બતાવતું હતું. જેના એડમીન "Lª's Help Upadate" યુઝર નેમ @L ªs Help_official હતા. આ મામલે ફરિયાદીએ ૨૭ જુન ૨૦૨૪ ના રોજ તમામ સંસ્થાઓ વતી સાયબર ક્રાઈમમાં અરજી આપી હતી. જે અન્વયે સેકટર – ૭ પોલીસ મથકમાં ગુનો દાખલ થતાં વધુ તપાસ સાયબર ક્રાઈમ પોલીસ મથક દ્વારા કરવામાં આવી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશમાં વારાણસી ખાતે વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્‌ઘાટન કર્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### દિલ્હીની હવામાં ઝેર! ઘણા વિસ્તારોમાં AQI ૩૦૦ને પાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**

દિવાળી પહેલા જ દિલ્હી-NCRની હવામાં ઝેર ફેલાવવા લાગ્યું છે. એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ઘણા વિસ્તારોમાં ૩૦૦ને પાર કરી ગયો છે. આજે શનિવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કુલ AQI ૨૭૪ છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, સ્થિતિ વધુ વણસી શકે છે. શહેરનો AQI રવિવાર સુધીમાં 'ખૂબ નબળી' કેટેગરીમાં પહોંચે તેવી શક્યતા છે કારણ કે હવામાનની સ્થિતિ પ્રદૂષણ ફેલાવવા માટે પ્રતિકૂળ રહે છે. આ જ સમયે, યમુનાના પાણીમાં પણ સફેદ ફીણ જોવા મળી રહ્યા છે. શનિવારે સવારે દિલ્હી-NCRમાં વાયુ પ્રદૂષણનું સ્તર ખરાબ અને અત્યંત ખરાબ શ્રેણીમાં નોંધાયું હતું. દિલ્હીમાં સૌથી વધુ AQI મુંડકામાં ૩૭૨, બવાનામાં ૩૬૬, જહાંગીરપુરીમાં ૩૫૩, દ્વારકામાં ૩૪૩, આનંદ વિહારમાં ૩૩૪ નોંધાયું હતું. આ સિવાય નોઈડામાં ૨૨૬ અને ફરીદાબાદમાં ૨૦૯નો AQI નોંધાયો હતો. અક્ષરધામ અને દિલ્હીના આસપાસના વિસ્તારોમાં ધુમ્મસનું સ્તર ઘેરાઈ ગયું, કારણ કે આ વિસ્તારમાં AQI વધીને ૩૩૪ થઈ ગયો છે. એક રહેવાસીનું કહેવું છે કે, છેલ્લા બે દિવસથી પ્રદૂષણમાં વધારો થયો છે જેના કારણે ઘણી સમસ્યાઓ થઈ રહી છે. પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટે સરકારે પગલાં લેવા જોઈએ. તે જ સમયે, ધુમ્મસના પાતળા સ્તરે ભીકાજી કામા પ્લેસને આવરી લીધું છે, અહીં AQI ૨૭૩ પર પહોંચી ગયો છે.

### FBIના વોન્ટેડ વિકાસ યાદવની ૧૦ મહિના પહેલા દિલ્હી પોલીસે કરી હતી ધરપકડ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવા બદલ FBI દ્વારા વોન્ટેડ જાહેર કરાયેલા વિકાસ યાદવની દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા દસ મહિના પહેલા હત્યાના પ્રયાસ અને અપહરણના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૩માં નોંધાયેલા કેસમાં વિકાસની સાથે અન્ય એક વ્યક્તિની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે માર્ચમાં ચાર્જશીટ દાખલ કરી હતી અને એપ્રિલ ૨૦૨૪માં વિકાસ યાદવને જામીન પણ મળી ગયા હતા. રોહિણીના રહેવાસી એક વેપારીએ ડિસેમ્બર ૨૦૨૩માં પોલીસમાં ફરિયાદ કરી હતી કે, તેના પરિચિતે નવેમ્બર ૨૦૨૩માં એક મહિના અગાઉ વિકાસ યાદવનો તેની સાથે પરિચય કરાવ્યો હતો અને કહ્યું હતું કે, તે એક વરિષ્ઠ સરકારી અધિકારી છે. વેપારીનું કામ ઈન્ફર્મેશન ટેક્નોલોજી સાથે સંબંધિત છે, તેથી તેના ઘણા સંપર્કો પશ્ચિમ એશિયામાં છે. વેપારીએ પોલીસને જણાવ્યું કે, બંનેએ એકબીજા સાથે નંબર શેર કર્યા હતા. બંને વચ્ચે સારી મિત્રતા બંધાઈ. વેપારીની ફરિયાદ મુજબ, વિકાસ વારંવાર તેના કામ અને મિત્રો વિશે પૂછતો હતો. તેના કહેવા મુજબ વિકાસે તેને એમ પણ કહ્યું હતું કે, તે અંડરકવર એજન્ટ તરીકે કામ કરે છે.

### ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ટીમમાં સામેલ

# ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં હાર બાદ ટીમ ઈન્ડિયામાં ફેરફાર

### ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં હાર બાદ બીજી ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં મોટો ફેરફાર જોવા મળ્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**

ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડ સામે રમાઈ રહેલી ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચમાં ૮ વિકેટે હારનો સામનો કરવો પડ્યો છે. હવે આ હાર બાદ અચાનક બીજી ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રિપોર્ટ્‌સ મુજબ સ્ટાર ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને બીજી ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં સામેલ કરી લેવામાં આવ્યો છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્‌સ મુજબ, વોશિંગ્ટન સુંદરને બીજી ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયામાં સામેલ કરી લેવામાં આવ્યો છે. બેંગલુરુમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં મળેલી હારના થોડા કલાકો બાદ જ સુંદરના ટીમ ઈન્ડિયામાં સામેલ થવાની માહિતી સામે આવી. જોકે હજુ સુધી આધિકારિક રીતે BCCIની તરફથી સુંદરને ટીમ ઈન્ડિયામાં સામેલ કરવા અંગે કોઈ અપડેટ આપવામાં આવ્યું નથી. જણાવી દઈએ કે વોશિંગ્ટન સુંદરે ટીમ ઈન્ડિયા માટે છેલ્લી ટેસ્ટ માર્ચ, ૨૦૨૧માં ઈંગ્લેન્ડ સામે અમદાવાદમાં રમી હતી. અત્યાર સુધી તે ભારત માટે ચાર ટેસ્ટ રમી ચૂક્યો છે. આ મેચોની ૬ ઈનિંગ્સમાં બેટિંગ કરતાં તેણે ૬૬.૨૫ની સરેરાશથી ૨૬૫ રન બનાવ્યા છે, જેમાં તેણે ૩ અર્ધશતક ફટકાર્યા છે. ટેસ્ટમાં સુંદરનો હાઈએસ્ટ સ્કોર 96* રનનો છે. આ ઉપરાંત ૭ ઈનિંગ્સમાં બોલિંગ કરતાં તેણે ૪૯.૮૩ની સરેરાશથી ૬ વિકેટ ઝડપી છે. બેંગલુરુમાં ન્યુઝીલેન્ડ સામે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને ૮ વિકેટે હારનો સામનો કરવો પડ્યો. મેચમાં ટીમ ઈન્ડિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને પ્રથમ ઈનિંગ્સમાં ૪૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

### ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન પાકિસ્તાનમાં થશે

# પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે BCC સમક્ષ મુકેલી ઓફર BCCIએ ફગાવી

### અંતિમ નિર્ણય માત્ર ભારત સરકાર પર નિર્ભર છે

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા ૨૦ ।**

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની યજમાની પાકિસ્તાનના હાથમાં છે. તેનું આયોજન ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં થવાનું છે. ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન ન જવાના સમાચાર વચ્ચે ટૂર્નામેન્ટ હારવાનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે. તેને જોતા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે BCC સમક્ષ નવી ઓફર મૂકી હતી. ક્રિકબઝ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે PCBએ ટીમ ઈન્ડિયાને પત્ર લખીને મેચ રમ્યા બાદ તે જ દિવસે પરત ફરવાની ઓફર કરી છે. આમાં મદદની ખાતરી પણ આપી છે. હવે ભારતીય બોર્ડે આ દાવાને ફગાવી દીધો છે. તેમનું કહેવું છે કે BCCIને PCB તરફથી આવો કોઈ પત્ર મળ્યો નથી. ક્રિકબઝના અહેવાલ મુજબ, PCBએ કહ્યું હતું કે જો ટીમ ઈન્ડિયાને સુરક્ષાને લઈને કોઈ પ્રકારની ચિંતા છે અને તે પાકિસ્તાનમાં રહેવા માંગતી નથી. તેથી તે પોતાનો બેઝ કેમ્પ મોહાલી, ચંદીગઢ અથવા નવી દિલ્હીમાં સ્થાપિત કરી શકે છે. અને દરેક મેચ બાદ ભારતીય ટીમ પોતાના કેમ્પમાં પરત ફરી શકે છે. હવે એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે BCCIના એક વરિષ્ઠ અધિકારીએ આવી કોઈ ઓફર મેળવવાનો ઈનકાર કરી દીધો છે. તમને જણાવી દઈએ કે લાહોરથી ભારતનું અંતર માત્ર થોડાક કિલોમીટર છે. તેને જોતા PCBએ BCCIને દરેક મેચ બાદ ભારત પરત ફરવાનો નવો વિકલ્પ આપ્યો હતો.

આપને જણાવી દઈએ કે પાકિસ્તાને ૧૯૯૬ થી કોઈ પણ ICC ટૂર્નામેન્ટનું આયોજન કર્યું નથી. આ વખતે તે ચેમ્પિયન્સ ટ્રોફી કરાવવા માટે ઉત્સુક છે. આ માટે PCBએ લાહોર, કરાચી અને રાવલપિંડીમાં યોજાનારી ટૂર્નામેન્ટનું શેડ્યૂલ ICCને સુપરત કર્યું છે.




નવી દિલ્હીમાં બિહાર અને ઝારખંડ મેડિકલ ફોરમના નેજા હેઠળ BJMFCON 2024માં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડા ઉપસ્થિત રહ્યા હતાં.

### આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ યુકેના સ્થાનિક વિદ્યાર્થીઓ કરતાં વધુ ફી ચૂકવે છે

# ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતા યુકે યુનિવર્સિટીઓ મુશ્કેલીમાં

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।**


ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા માટે યુકે, યુએસએ અને કેનેડા પસંદ કરે છે. આ ઉપરાંત કેનેડા અને યુકેમાં વિઝા નિયમો અને વર્ક પરમિટના નિયમો ઘણા સમયથી કડક છે, તેથી ભારતીયો પણ ત્યાં જતા પહેલા વિચારે છે. તે જ સમયે, યુકે યુનિવર્સિટીઓ મોટે ભાગે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર આધારિત છે. કારણ કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ યુકેના સ્થાનિક વિદ્યાર્થીઓ કરતાં વધુ ફી ચૂકવે છે. આ કારણે, સ્થાનિક વિદ્યાર્થીઓને ફી કેપ આપવાની સિસ્ટમ છે જે યુનિવર્સિટીઓએ જાળવવી અને બધું જ મેનેજ કરવું પડશે. આમ કડક વિઝા નિયંત્રણોના લીધે ભારતીય વિદ્યાર્થીઓનું યુકે જવું મુશ્કેલ બન્યું છે, તેની સાથે-સાથે ભારતીય વિદ્યાર્થીઓની ફીઓ પર આધારિત યુકેની યુનિવર્સિટીઓ પણ મુશ્કેલીમાં મૂકાઈ છે. તાજેતરના સમયમાં યુકેમાં વર્ક પરમિટ અને પત્ની વિઝાની ફાળવણીમાં ફેરફાર કરવામાં આવ્યા છે, જેના કારણે પ્રવેશતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા પર પણ અસર પડી રહી છે. યુકેની યુનિવર્સિટીઓમાં ફી કેપનો લાભ લેતા સ્થાનિક વિદ્યાર્થીઓની સંખ્યામાં દાયકાઓથી વધારો થયો નથી. એટલે કે તેમની ફીમાં થોડો વધારો થયો છે. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પાસેથી ઘણી ઊંચી ફી લેવામાં આવે છે. આ અંતર યુકેની શિક્ષણ પ્રણાલી અને યુનિવર્સિટીઓના સંચાલન વચ્ચે પુલનું કામ કરે છે. જેના કારણે હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની ફી પર નિર્ભર રહેવાનો વારો બ્રિટિશ યુનિવર્સિટીઓનો છે. છેલ્લા દાયકાઓથી, આવા વિદેશી વિદ્યાર્થીઓની યાદીમાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ જોયા છે. તેમાંથી મોટાભાગના યુકેમાં અભ્યાસ કરવા માટે ભારતમાંથી આવી રહ્યા છે. જો કે, મોટી યુનિવર્સિટીઓમાંથી અભ્યાસ કરતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સરળતાથી ઉચ્ચ પગારવાળી નોકરીઓ શોધી શકે છે. જો કે, આ વલણ વચ્ચે, ભારતીય વિદ્યાર્થીઓ હવે મોટે ભાગે યુકેમાં નીચલા ક્રમાંકની યુનિવર્સિટીઓમાંથી અભ્યાસ કરવાનું પસંદ કરી રહ્યા છે. જેની અસર પ્રખ્યાત યુનિવર્સિટી પર પડી છે. યુકે સરકારના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા સતત ઘટી રહી છે અને નવા નિયંત્રણો પણ લાદવામાં આવ્યા છે. આ વર્ષની શરૂઆતમાં ડિપેન્ડન્ટ ફેમિલી વિઝા મુદ્દે કડક વિઝા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં, ઘણીવાર વ્યક્તિ યુકે જતો અને પછી પત્ની અને પતિને ત્યાં પતિ-પત્ની વિઝા પર બોલાવતો, હવે આ પણ મુશ્કેલ થઈ ગયું છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ યુકેમાં પર્યાપ્ત નાણાકીય ભંડોળ પણ દર્શાવવું આવશ્યક છે. આ ભંડોળ વિઝા અરજીના ૨૮ દિવસ પહેલા અરજદારના બેંક ખાતામાં હોવું આવશ્યક છે. તે જ સમયે, જો તમે લંડનમાં અભ્યાસ કરવા માંગો છો, તો તમારે ૯ મહિના માટે બેંકમાં લગભગ ૧૨ હજાર પાઉન્ડનું ફંડ બતાવવું પડશે. લંડનની બહાર ૯ મહિના માટે ખાતામાં ૯૨૦૭ પાઉન્ડ દર્શાવવાના રહેશે. જ્યારે આશ્રિતો મુલાકાત લેતા હોય, ત્યારે તેઓએ દર મહિને ۴૮૪૫નું ભંડોળ દર્શાવવું પડશે, જ્યારે તેઓ લંડનની બહાર રહેતા હોય, તો તેઓએ દર મહિને ફ૬૮૦ દર્શાવવાનું રહેશે.

### ભારતીય સિનેમા વિશે કહી મોટી વાત

# BRICS પહેલા બોલીવુડના દિવાના બન્યા વ્લાદિમીર પુતિન

**। (એજન્સી) મોસ્કો, તા.૨૦ ।**

૧૬મી BRICS સમિટ આ મહિનાની તારીખ ૨૨-૨૩ ઓક્ટોબરે રશિયાના કાઝાનમાં યોજાવા જઈ રહી છે. રશિયા આ માટે ખાસ તૈયારી કરી રહ્યું છે. આ સંમેલનમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રશિયા જશે, અહીં તેઓ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ખાસ મુલાકાત કરશે.આ દરમિયાન પ્રમુખ વ્લાદિમીર પુતિન આ તૈયારીઓની સમીક્ષા કરી રહ્યા છે. BRICSની તૈયારીઓ વચ્ચે પુતિનનો બોલિવૂડ પ્રત્યેનો પ્રેમ ફરી એકવાર દુનિયાની સામે આવી ગયો છે.



જ્યારે પ્રમુખ પુતિનને એક મીટિંગ દરમિયાન પૂછવામાં આવ્યું કે, ભારત બહાર બોલિવૂડનો સૌથી મોટો ફેન કોણ છે? જેના પર પ્રમુખ પુતિને ફરીથી ભારતીય ફિલ્મો પ્રત્યે રશિયાની પ્રશંસાની જાહેરાત કરી. વ્લાદિમીર પુતિને કહ્યું કે, તમે જાણો છો કે જો તમે તમામ BRICS સભ્ય દેશોને જુઓ તો મને લાગે છે કે, ભારતીય સિનેમા અન્ય BRICS દેશો કરતાં રશિયામાં વધુ લોકપ્રિય છે. મને લાગે છે કે, અમારી પાસે ટીવી પર પણ એક અલગ ચેનલ છે, જે ભારતીય સિનેમાને દિવસ-રાત બતાવે છે. તેથી, ભારતીય સિનેમામાં અમારો રસ ઘણો વધારે છે.

પુતિને કહ્યું કે, "સિનેમા નિર્માણ અને ફિલ્મ ઉદ્યોગ અર્થતંત્રનો હિસ્સો છે. આને યોગ્ય રીતે નિયંત્રિત કરવું જોઈએ. ભારતે તેના સિનેમા બજારને બચાવવા માટે ઘણા નિર્ણયો લીધા છે." આ સાથે શુક્રવારે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને સંકેત આપ્યા કે, આવતા અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તેમની મુલાકાત દરમિયાન તેઓ ભારતીય ફિલ્મોના વધુ પ્રમોશન અંગે ચર્ચા કરી શકે છે.

મહત્ત્વપૂર્ણ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી BRICS સંમેલનમાં ભાગ લેવા માટે રશિયા જશે. આ વર્ષે વડાપ્રધાન મોદીની રશિયાની આ બીજી મુલાકાત હશે. તેઓ છેલ્લે જુલાઈમાં ૨૨મી ભારત-રશિયા વાર્ષિક સમિટમાં ભાગ લેવા મોસ્કો ગયા હતા. આ મુલાકાત દરમિયાન, વડાપ્રધાન મોદી કઝાનમાં તેમના સમકક્ષો અને બ્રિક્સ સભ્ય દેશોના આમંત્રિત નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

### ભાજપના મંત્રીની ખુલ્લી ચેલેન્જ

# ગાંધી પરિવાર 3 લાખ વોટ મેળવે તો પણ હું રાજકારણ છોડી દઈશ

**। (એજન્સી) લખનૌ, તા.૨૦ ।**

ઉત્તર પ્રદેશ સરકારના રાજ્યમંત્રી દિનેશ પ્રતાપ સિંહે પ્રિયંકા ગાંધીને 'વૃદ્ધ' કહ્યા ત્યારથી UPમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. દરમિયાન, દિનેશ પ્રતાપ સિંહે ફરી એકવાર સમગ્ર ગાંધી પરિવારને વાયનાડથી લોકસભા પેટાચૂંટણી લડવા પર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી પર હુમલો કર્યો અને સમગ્ર ગાંધી પરિવારને 'પલાયનવાદી' ગણાવ્યા. આ સાથે ખુલ્લો પડકાર પણ ફેંક્યો છે.

દિનેશ સિંહે એક ખુલ્લા પત્ર દ્વારા ગાંધી પરિવારને પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે, 'હું આ તમામ ગાંધીઓને રાયબરેલીમાં ચૂંટણી લડવા માટે આમંત્રણ આપું છું, જ્યારે પણ ઈચ્છે ત્યારે પંજાના નિશાન સાથે કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર તરીકે દિનેશ પ્રતાપ સિંહ સામે એકલા હાથે ચૂંટણી લડે અને ત્રણ લાખ મત મેળવી લે હું રાજકારણમાંથી નિવૃત્ત થઈશ. બુધવારે એક ટિપ્પણીમાં સિંહે પ્રિયંકા ગાંધીને બુઢ્ઢી' કહ્યા હતા. ત્યારબાદ NSUI કાર્યકર્તાઓએ રાજ્યની રાજધાનીના વીઆઈપી ગૌતમ પલ્લી વિસ્તારમાં મંત્રીના સત્તાવાર નિવાસસ્થાન પર નેમપ્લેટ કાળી કરી અને મુખ્ય દરવાજા પર પેઈન્ટથી "ચોર" લખી દીધું. નેશનલ સ્ટુડન્ટ્‌સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)ના કાર્યકરોએ શુક્રવારે મંત્રીના સત્તાવાર નિવાસસ્થાનની બહાર આંદોલન શરૂ કર્યું હતું, જેના કારણે વિરોધીઓને કાબૂમાં લેવા માટે પોલીસ તૈનાત કરવામાં આવી હતી. NSUI કાર્યકર્તાઓ પ્રિયંકા ગાંધી વાડ્રા સામેની તેમની ટિપ્પણીની નિંદા કરતા પ્લેકાર્ડ અને પોસ્ટરો લઈને સિંહના નિવાસસ્થાનની આસપાસ ઘેરો ઘાલ્યો હતો અને 'દિનેશ પ્રતાપ મુર્દાબાદ' જેવા નારા લગાવ્યા હતા. આ પછી રાજ્યમંત્રીએ ગુરુવારે એક પત્ર જારી કરીને કહ્યું કે, મારા માટે ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિ ધરાવતી ભારતની દરેક મહિલા માતા ભગવતી સમાન છે, પરંતુ પ્રિયંકા ગાંધીની જીવનશૈલી, આચાર, ખાનપાન વગેરે ભારતીય સંસ્કૃતિને મળતું નથી. રાજ્યમંત્રીએ પત્રમાં કહ્યું, "જ્યારે એ વાત સાચી છે કે પ્રિયંકાએ માત્ર હારના ડરથી જ રાયબરેલીથી ચૂંટણી લડી ન હતી, તો તે માત્ર વાયનાડથી જ ચૂંટણી કેમ લડવા જઈ રહી છે? લાંબા સમય સુધી કોંગ્રેસમાં રહેલા દિનેશ સિંહ ભાજપમાં જોડાયા ત્યારથી ગાંધી પરિવાર પર આક્રમક છે. તેમણે પત્રમાં કહ્યું, "એ વાત સાચી છે કે આ 'ગાંધી' પલાયનવાદી છે. જ્યાં સુધી સોનિયા ગાંધી અમેઠી અને રાયબરેલીમાંથી ખાદ્ય રસદ મળતી રહી ત્યાં સુધી તેઓ અમેઠી અને રાયબરેલીના રહ્યા, જ્યારે તેમણે જોયું કે તેઓ હારી જશે, ત્યારે તેઓ રાજસ્થાન ભાગી ગયા... સિંહે કહ્યું, "તે જ રીતે રાહુલ ગાંધી પહેલાં અમેઠી છોડીને ગયા હતા વાયનાડ." અને પછી તેમણે રાયબરેલી માટે વાયનાડ છોડી દીધું અને હવે પ્રિયંકા ગાંધી પોતાનું ઘર, સાસરું, મામાનું ઘર, રાયબરેલી, અમેઠી છોડીને વાયનાડમાં જઈ રહી છે.

## તંત્રી લેખ...

## કેનેડામાં ડર હેઠળ જીવતા ભારતીયો

કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો બગડતા હવે ત્યાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ ડરમાં જીવી રહ્યા છે. તેમને એક જ વાત સતાવી રહી છે કે બંને દેશો વચ્ચે આમને આમ સંબંધો બગડતા રહ્યા તો તેમની કેવી હાલત થશે. આનાથી તેમના અભ્યાસ, કામ અને અન્ય પ્લાન્સ પર પણ પાણી ફરી જાય એવી સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. કેનેડામાં નિજ્જર હત્યાકાંડ મુદ્દે જસ્ટિન ટ્રુડોના વલણથી નારાજ ભારતે પણ વળતો જવાબ આપ્યો છે. તેમને ડિપ્લોમેટ્સ અને ઓફિશિયલ્સને પરત બોલાવવા અને કેનેડાના ડિપ્લોમેટ્સને હાંકી કાઢવાના મુદ્દાની ગંભીરતા સમજાઈ રહી છે. આનાથી ભારતીય વિદ્યાર્થીઓ હવે કેનેડામાં ફફડી ગયા છે કે આપણું શું થશે. એડમોન્ટનમાં આવેલી યુનિવર્સિટી ઓફ એલ્બર્ટાની એક વિદ્યાર્થીનીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે મને અત્યારે બંને દેશોના ખરાબ સંબંધોની ચિંતા એટલા માટે થઈ રહી છે કે મારુ ભવિષ્ય હું જોઈ રહી નથી. હું અહીં એમ.એસ.નો અભ્યાસ કરી રહી છું અને નોકરી લેવા માટે વલખા મારી રહી છું. પણ મને નથી ખબર પડી રહી કે આગળ મારુ ભવિષ્ય કેવી રીતે પ્લાન કરું. આ બધી જ પરિસ્થિતિ વચ્ચે કેનેડાએ તેના ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામના નિયમો પણ કડક કરી દીધા છે. જે સપ્ટેમ્બર મહિનાથી લાગુ થઈ ગયા છે અને આમાં કેનેડિયન બિઝનેસમાં ઓછા પગારે કામ કરતા કર્મચારીઓમાં માત્ર ૧૦ ટકા જ ફોરેન વર્કરનો સમાવેશ કરવાનો નિર્ણય સામેલ છે. આનાથી સીધી અસર કેનેડામાં કામ કરતા ભારતીયોની સંખ્યા પર પડી છે. તેમને ફરજિયાત પાર્ટ ટાઈમ કે પછી અંડર પેઈડ જોબ કરવાની નોબત આવી ગઈ છે.

## બુદ્ધિ-જ્ઞાન વચ્ચેનો તફાવત

બુદ્ધિ અને જ્ઞાન વચ્ચેનો ભેદ કે તફાવત ઘણાં સમજદાર વ્યક્તિઓ પણ તારવી શકતાં નથી. ઘણાં વ્યક્તિઓ એવી દલીલ કરે છે કે, તમારી પાસે બુદ્ધિ હોય તો જ્ઞાન આપોઆપ આવી જાય છે. જ્યારે ઘણાં વ્યક્તિઓ એવી દલીલ કરે છે કે તમારી પાસે જ્ઞાન હોય તો જ બુદ્ધિ ખીલી ઊઠે છે. હકીકતમાં એવું નથી, પરંતુ બુદ્ધિ અને જ્ઞાન વચ્ચે સમજવા જેવો તફાવત છે. જ્ઞાન દરેક વ્યક્તિ તથા પશુ પક્ષીઓ પાસે હોય છે. દરેક પશુ પક્ષીઓ તથા માનવો પાસે જ્ઞાન છે




**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

એથી એ પોતાનાં બાળકોને તથા બચ્ચાંઓને ગમે એવી ભીડમાં પણ ઓળખી જાય છે અને એમને ખોરાક, દૂધ વિગેરે પુરું પાડે છે. જ્યારે બાળક જન્મ લ્યે છે ત્યારે એનામાં જરાપણ બુદ્ધિ હોતી નથી, પરંતુ જ્ઞાન જરૂરથી હોય છે. બાળકને બોલતાં નથી આવડતું એથી એને ભુખ લાગે છે ત્યારે એ રડવાનું શરૂ કરી દે છે અને માતા એને સ્તનપાન કરાવે છે એટલે બાળક પાસે જ્ઞાન છે કે, હું રડીશ તો મને માતા સ્તનપાન કરાવશે. એવી રીતે પશુ પક્ષીઓ પણ પોતાના બચ્ચાઓનું પોષણ કરે છે અને એમને રક્ષણ (પ્રોટેક્શન) પૂરૂં પાડે છે, પરંતુ પશુ પક્ષીઓ પાસે બુદ્ધિ કે અક્કલ હોતી નથી એથી અમુક સમય પછી પોતાના બચ્ચાઓને છોડી દે છે. જ્ઞાન મનુષ્યને જાતજાતના અનુભવોમાંથી પસાર થઈને મળી શકે છે અથવા જાતજાતના પુસ્તકો વાંચીને મળી શકે છે, પરંતુ બુદ્ધિ તમારી પાસે ન હોય તો એ જ્ઞાનનો કોઈ મતલબ રહેતો નથી. જ્ઞાની માણસ ચાર માણસોમાં એનો પ્રભાવ પાડી શકે છે, પરંતુ પૈસા કે અન્ય વસ્તુ મેળવી શકતો નથી, જ્યારે બુદ્ધિનો ઉપયોગ કરીને તમે પૈસા કમાઈ શકો છો, વેપાર ઉદ્યોગ કરી શકો છો કે ક્યારેક આકસ્મિક મુસીબતોમાંથી પણ બચી શકો છો. અકબર બાદશાહનો અત્યંત માનીતો નવ રત્નોમાંનો એક બિરબલ કાંઈ જ્ઞાની ન હતો, પરંતુ અંત્યંત ધીમંત અને બુદ્ધિશાળી હતો અને પોતાના બુદ્ધિચાતુર્યથી કેટલાંય નિર્દોષ નાગરિકોના જીવ બચાવ્યા હતા અને એમની સાથે થયેલ અન્યોયાયને યોગ્ય ન્યાય અપાવ્યો હતો. બુધ્ધિ ચાતુર્યનું બીજું એક ઉદાહરણ આપું છું. એક શાળામાં ચોથા ધોરણમાં ભણતાં વિદ્યાર્થીઓના કક્ષમાં એક અધિકારી એકાએક ઈન્સપેકશન માટે આવી ગયાં અને મનુ નામના છોકરાને ઉભો કરીને પૂછ્યું કે ભગવાન રામ વનવાસ જવા કેટલા વાગે નિકળ્યાં હતાં. મનુએ તો કોઈ દિવસ રામાયણ વાંચ્યું ન હતું, પરંતુ એણે બુદ્ધિનો ઉપયોગ કરીને જવાબ આપ્યો કે, સાહેબ ભગવાન રામ સવાનવ વાગે વનવાસ જવા નિકળ્યાં હતાં. પેલાં અધિકારીને અત્યંત આશ્ચર્ય થયું અને પુછ્યું કે બેટા તને કંઈ રીતે ખબર પડી કે રામ સવાનવ વાગે વનવાસ જવા નિકળ્યાં હતાં. છોકરાએ બુદ્ધિથી જવાબ આપ્યો કે સાહેબ વનવાસ શબ્દને ઉંધેથી વાંચશો તો સવાનવ વંચાશે એટલે મેં સવાનવ કહીં દીધું. પેલા અધિકારી છોકરાની બુદ્ધિ ઉપર વારી ગયાં અને શાળાને છ ગ્રેડ આપીને જતાં રહ્યાં. આપણાં વડવાઓ તથા વડીલો કોઈ શાળા કે મહાશાળામાં કદી ગયાં ન હતાં એથી એમની પાસે જ્ઞાન નહતું, પરંતુ તેઓ પાસે બુદ્ધિનો ભંડાર હતો તેથી એ લોકોએ જે નીતિ નિયમો, રસ્મોરિવાજો તથા કહેવતો બનાવી હતી એનો ઉપયોગ આજે આપણે કરીએ છીએ. ચંદ્રગુપ્ત મૌર્યના મહામંત્રી શ્રી ચાણક્યનો એક કિસ્સો અહીંયા ટાંકું છું. એક વખત ચાણક્ય એમના એક સાથી સાથે કોઈ ગામ જવા નિકળ્યાં હતાં, શિયાળાનો સમય હોવાથી એ લોકો રસ્તો ભુલી ગયાં અને કોઈ અજાણ્યા વનમાં પ્રવેશી ગયાં. ચાલતાં ચાલતાં એ લોકોની નજર એક ઝૂંપડી ઉપર પડી તેથી એમણે વિચાર્યું કે આજની રાત આ ઝૂંપડીમાં વિતાવીને સવારે નિકળી જઈશું.આમ વિચારીને ઝૂંપડીમાં પ્રવેશ કર્યો ત્યાં એક ઘરડા માજી હતાં આ બન્ને જણાએ માજીને વિનંતી કરી કે, અમો વટેમાર્ગુ છીએ અને રસ્તો ભુલી ગયા છીએ, તમે અમને રાતવાસો આ ઝૂંપડીમાં કરવા દેશો તો જિંદગીભર આપનો ઉપકાર નહીં ભુલીએ.ડોશીમાએ એ લોકોને રાતવાસો રહેવાની મંજૂરી આપી દીધી અને રસોઈમાં ગરમાગરમ ખીચડી બનાવીને પીરસી. જેવો ચાણક્યે ખીચડીમાં હાથ નાંખ્યો કે એમનો હાથ દાઝી ગયો, આ જોઈને ડોશીમાં બોલ્યા કે તું ચાણક્ય જેવો બુદ્ધુ જ રહ્યો. આ સાંભળીને ચાણક્ય તો બે ઘડી સ્તબ્ધ જ થઈ ગયાં કે આ ડોશી શું બોલે છે એથી અજાણ્યા બનીને પુછ્યું કે માજી હું અને ચાણક્ય બેઉ જણાં બુદ્ધુ કઈ રીતે છીએ. આ વાતનો ખુલાસો કરતાં ડોશીએ કહ્યું કે ખીચડી ખાવી હોય તો સૌ પ્રથમ આગળપાછળની ખીચડી ખવાય એ પ્રમાણમાં થોડી ઠંડી હોય અને વચ્ચેની ખીચડી એકદમ ગરમ હોય એથી દાઝી જવાય. એવી જ રીતે ચાણક્યે ધનનંદને હરાવવો હોય તો સૌથી પહેલાં આજુબાજુના પ્રદેશો જીતીને એને ખોખલો કરી દેવો પડે, જ્યારે ચાણક્ય વચ્ચેથી હુમલો કરવાનો પ્રયત્ન કરે છે એથી ધનનંદને હરાવવામાં સફળ થતો નથી. આ સાંભળીને ચાણક્ય ચોંકી ગયા અને વિચાર્યું કે ભલે ડોશી પાસે કોઈ સાક્ષર જ્ઞાન નથી પરંતુ બુદ્ધિ ગજબની છે. આમ બુદ્ધિ એ જ્ઞાન કરતાં આગળ ગણાય છે. બીજું તમો જ્ઞાન કોઈ વ્યક્તિને વહેંચી શકો છો, પરંતુ બુદ્ધિ કોઈને વહેંચી શકાતી નથી. મહાભારતના યુદ્ધમાં ભગવાન શ્રી કૃષ્ણે ગીતાજીનો ઉપદેશ આપ્યો એ એક પ્રકારનું જ્ઞાન હતું. અર્જુન પાસે બુદ્ધિ તો હતી જ અને એટલે એણે હથિયારો હેઠાં મૂકી દીધાં હતાં કે મારે મારા કાકાના દિકરાઓ, વડીલો, ગુરૂજી વિગેરેને મારવાનાં અને અર્જુનનો વિષાદ દૂર કરવા માટે કૃષ્ણ ભગવાને ગીતારૂપી જ્ઞાન અર્જુનને આપ્યું હતું. આપણી ગુજરાતી ભાષામાં એક કહેવત પણ છે કે " બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે". બુદ્ધિનો કોઈ વિકલ્પ જ નથી. જેની પાસે બુદ્ધિ છે તે ધાર્યું કામ કરી શકે છે અને બીજા પાસે કરાવી શકે છે.

### રાવણને પોતાના સોતેલાભાઈ કુબેરથી વધુ ધનવાન બનવા માતાની આજ્ઞા અનુસાર બ્રહ્માની દસ વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી

# પોતાના ભીતરનાં રાવણત્વનો અંત નહીં આવે ત્યાં સુધી રામરાજ્યની સ્થાપના શક્ય જ નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**તુલસીદાસજીએ અને ઋષિ વાલ્મીકિ એ પણ રાવણને અવતાર કહ્યો છે, એટલે કંઈક તો એનામાં એવું હતું જ જેને નમન કરવું પડે, જન્મની રીતે જોઈએ તો રાવણ ઋષિ વિશ્વશ્રવા અને કૈકસીનો પુત્ર હતો, કૈકસી રાક્ષસી કુળની સ્ત્રી હતી, અને ભોગ વિલાસ અને સમય કસમય કામ ભાવ એ તેના મુખ્ય ગુણ હતાં, એને કારણે તેણે કસમયે ગર્ભાધાન થયું, અને રાવણનો જન્મ થયો.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! હમણાં જ દશેરા ગઈ! અને માનસ કાલિકાની કથામાં પૂજ્ય બાપુએ કહ્યું કે એકત્રીસમું બાણ સ્વયં સીતાજીએ રામને આપ્યું અને ત્યારે રાવણનો અંત થયો ! તારક મહેતા માં પણ સોનું નામની યુવતી એ રાવણનું દહન કર્યું, એટલે કે યુગ પરિવર્તન થઈ રહ્યું છે. દશેરાએ રાવણનું દહન થયું! દર વર્ષે રાવણ દહન થાય છે! પણ માત્ર રાવણ દહનથી રામ રાજ્ય થતું નથી! કારણકે ત્રેતા યુગમાં એક રામ સામે એક રાવણ હતો અને આજે હવે અસંખ્ય રાવણ.. અને એ પણ રામનાં વેશમાં! એટલે રામરાજ્યની સ્થાપના થતી નથી. રામ રાજ્યની એકમાત્ર શરત છે, કે દરેકે ખુદમાં રામ તત્વ પ્રગટાવવું પડે. પરંતુ આપણે ભીંતરના ભાવને પારખી અને એ મુજબ સારું નઠારું જોઈ ને જીવીએ તો એ અશક્ય નથી. રાવણ એટલે એક અનિષ્ટ તત્વ એમ વિચારીને આપણે રામરાજ્ય માટે આપણી અંદરના અનિષ્ઠ તત્વનો નાશ કરી, રામ તત્વ પ્રગટાવવાનું છે, અને એટલાં માટે આજે આપણે રાવણ શબ્દ પર ચિંતન કરીશું, કે રાવણ ખરેખર એવો હતો? અથવા આપડે જેને અતિશય ખરાબ ચિતર્યો છે એટલો ખરાબ છે ખરો ? સ્વયં તુલસીદાસજીએ અને ઋષિ વાલ્મીકિ એ પણ રાવણને અવતાર કહ્યો છે, એટલે કંઈક તો એનામાં એવું હતું જ જેને નમન કરવું પડે. જન્મની રીતે જોઈએ તો રાવણ ઋષિ વિશ્વશ્રવા અને કૈકસીનો પુત્ર હતો. કૈકસી રાક્ષસી કુળની સ્ત્રી હતી, અને ભોગ વિલાસ અને સમય કસમય કામ ભાવ એ તેના મુખ્ય ગુણ હતાં, એને કારણે તેણે કસમયે ગર્ભાધાન થયું, અને રાવણનો જન્મ થયો. એટલે રાવણમાં ઋષિના ગુણો પણ હતાં, અને રાક્ષસી ગુણો પણ હતાં. એ સમયમાં લંકા બહુ વિકસિત દેશ ગણાતો હતો, અને આખી લંકા સોનાની હતી, એટલું એશ્વર્ય રાવણ ધરાવતો હતો. તે દેખાવે પણ રૂપવાન હતો, અને સ્ત્રીઓ તેને જોઈ અને મુગ્ધ થઈ જતી હતી, એટલે જ મંદોદરી જેવી અપ્સરા રહી ચૂકેલી સ્ત્રી, તેની પર મોહિત થઈ હતી. સંસ્કૃતમાં તેણે શિવ તાંડવ સ્તોત્રની રચના પણ કરી છે. શિવનો પરમ ઉપાસક હતો, અને શિવજીને પ્રસન્ન કરવા તેણે પોતાના દસે મસ્તક ભગવાનને ચરણે અર્પણ કર્યા હતા, અને કૈલાશને ઉપાડવાનું સામર્થ્ય પણ ધરાવતો હતો. ઋષિ વિશ્વશ્રવાએ તેને ધર્મ અને પાંડિત્યનું શિક્ષણ આપ્યું હતું, પરંતુ રાવણને પોતાના સોતેલાભાઈ કુબેરથી વધુ ધનવાન બનવા માતાની આજ્ઞા અનુસાર બ્રહ્માની દસ વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી. દર વર્ષે પોતાનું એક મસ્તક બ્રહ્માજીને ચડાવતો હતો, અને આ રીતે દસ વર્ષ પૂર્ણ થયા ત્યારે બ્રહ્માજી પ્રસન્ન થયાં, અને રાવણે વરદાન માગ્યું કે પોતે દેવતા, ગંધર્વ, અને કિન્નર, કોઈનાથી પણ મરે નહીં. રાવણ મનુષ્યને તો કીડી મકોડા સમાન ગણતો હતો, એટલે વિષ્ણુ અવતાર તરીકે પ્રભુ શ્રીરામને મનુષ્ય અવતાર લેવો પડ્યો. રાવણે યમરાજ સાથે યુદ્ધ કર્યું કારણકે કાળ પર પણ વિજય પ્રાપ્ત કરવા ઈચ્છતો હતો. પિતા ઋષિ હતાં એટલે રાવણ પહેલા રાક્ષસ કહેવાતો ન્હોતો, પરંતુ તે પ્રખર માયાવી હતો, મોહજાળ, ઈન્દ્રજાળ અને સંમોહન જેવા ઘણાં બધા જાદુમાં નિપુણ હતો, અને એ વિદ્યાનો તેણે દૂર ઉપયોગ કર્યો તે મહાયૌદ્ધા તો હતો જ, પણ તેને પોતાની શક્તિનું વધુ પડતું અભિમાન હતું, અને એટલે જ તેણે ભગવાન શંકરને કૈલાસ સહિત લંકામાં લઈ જવા વિચાર્યું હતું. આવું વિચારી તેણે કૈલાસને પોતાના બાહુબળથી ઊંચો કર્યો અને માતા પાર્વતી ક્રોધિત થઈ ગયાં હતાં, તેમણે રાવણને શ્રાપ આપ્યો કે હે દુષ્ટ! તુ આજથી રાક્ષસ કહેવાઈશ કારણ કે તારી વૃત્તિ રાક્ષસી થતી જાય છે. રાવણે મહાબલી વાલી સાથે પણ યુદ્ધ કર્યું હતું, અને વાલીએ તેના શક્તિશાળીનાં ઘમંડને તોડીને પોતાની બગલમાં દબાવી અને આખી પૃથ્વી પર ફેરવ્યો હતો, અને છ મહિના પોતાની કેદમાં રાખ્યો હતો. રાવણે બ્રહ્માજી પાસે અમર થવાનું વરદાન માગ્યું હતું, પરંતુ બ્રહ્માજીએ તેને માત્ર પ્રચંડ શક્તિ અને બ્રહ્માસ્ત્ર આપ્યા હતા. રાવણને સીતા પહેલેથી જ પસંદ હતી, અને એટલે જ તે તેના સ્વયંવરમાં પણ ગયો હતો. શિવભક્ત હોવા છતાં પણ, તે શિવનું ધનુષ્ય ઉંચકી શક્યો નહીં, છતાં તે પોતાના ઈષ્ટની મરજી સમજી શક્યો નહીં, અને તેણે સીતાનું અપહરણ કર્યું. પરંતુ રાવણ સીતા સાથે લગ્ન કરવા માંગતો હતો, એટલે તેણે સીતા સાથે મર્યાદાનું ઉલંઘન ક્યારેય કર્યું નહીં. તેણે સીતાને વચન આપ્યું હતું કે તે જ્યાં સુધી એ પોતાની માટે કામ ભાવ નહીં ધરાવે, ત્યાં સુધી તે તેને સ્પર્શ પણ કરશે નહીં, અને આથી જ લંકામાં પણ સીતા સુરક્ષિત રહ્યાં હતાં, એ માટે એને સો સો સલામ કરવા ઘટે.કારણ કે આજે તો દુશ્મન શું! દોસ્ત ના ઘરમાં પણ સ્ત્રી સલામત નથી. રાવણનાં દાદા બ્રહ્માના પુત્ર પુલસ્ત્ય અને દાદીનું નામ હાર્વિભૂર્વા હતું. તેનાં નાના સુમાલી, અને નાનીનું નામ તાડકા હતું. તેઓ આઠ ભાઈ બહેન હતાં, રાવણ પોતે, વિભીષણ, કુંભકરણ અહિરાવણ ખર, દૂષણ અને બે બેન સૂર્પણખા અને કુંમ્ભિની હતી. ઉપરાત કુબેર તેના પિતાની પહેલી પત્ની ઈલાવીડાનો પુત્ર હતો. તેને ત્રણ પત્ની હતી અને સાત પુત્રો હતાં, અને મંદોદરી તેની પ્રિય રાણી હતી. તેની બીજી પત્ની દમ્યમાલીની હતી, અને ત્રીજી નુ નામ મને ખબર નથી. તેના વિશે એવું કહેવાય છે કે, રાવણ જ્યારે સીતા સ્વયંવરમાંથી ખાલી હાથે પાછો ફરે છે, ત્યારે આ સ્ત્રી તેની પર મુગ્ધ થઈ ગઈ હતી, અને તેણે પોતાની જાતને સમર્પિત કરવા વિચાર્યું, પરંતુ રાવણ તેને નકારી અને જતો રહ્યો, બાદમાં તેણે દમ્યમાલિની સાથે લગ્ન કર્યા. રાવણને સાત પુત્ર હતા જેમાંથી તેમની પ્રથમ પત્ની મંદોદરીથી ઈંદ્રજીત અને અક્ષય કુમાર, બીજી પત્ની દમ્યમાલીનીથી ત્રિશિરા અને અતિકાય, ત્રીજી પત્નીથી ત્રણ પુત્ર પ્રહસ્થા, નરાંતકા અને દેવતાકા હતા. ત્રીજી પત્ની વિશે કહેવાય છે કે સ્વયં રાવણે જ તેની હત્યા કરી હતી. રાવણના પિતા અને દાદા દાદી બંને ઉત્તમ કુળના હોવા છતાં, તે રાક્ષસ કહેવાયો! એનું કારણ માત્ર તેની વૃત્તિઓ રાક્ષસી હતી, જોકે રાક્ષસી ગુણ માટે માતા જવાબદાર હોય. મૂળભૂત રીતે રાક્ષસી વૃતિ અને વધુ પડતું મિથ્યાભિમાન એ બે વાતને કારણે તેનું ચરિત્ર આટલું ઊંચું હોવા છતાં, લોકો તેને તિરસ્કારની રીતે યાદ કરે છે. આપણે તો એ વિચારીએ કે આપણામાં તો આમાંની કોઈપણ ક્વોલિટી છે નહીં! હિન્દુ સંસ્કૃતિના હોવા છતાં આપણે સંસ્કૃત તો ઠીક, સંસ્કારો કે સંસ્કૃતિને નિભાવવા માટે પણ તૈયાર નથી. અનુસરવા માટે આપણી પાસે આપણી સુંદર અને વૈદિક પરંપરા હોવા છતાં, એને એક બાજુ મૂકી અને આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિને અનુસરીએ છીએ, ભક્ષ્યાભક્ષ્ય આહાર અને એ કેટલે અંશે યોગ્ય છે? એ હવે આપણે જ વિચારવું પડશે! અને આપણા સંતાનોમાં આપણે જ આ સંસ્કારોનું રોપણ કરવું પડશે. જેનાથી આવનારા ભારતને સંસ્કૃતિની રીતે સમૃદ્ધ વારસો મળે, કે જેની પાસે સંસ્કૃતિને નામ પોતીકું કંઈક હોય. માત્ર ભૌતિક મૂલ્યોને મહત્વ આપીને જીવન વ્યર્થ ન કરે, એ જોવાની જવાબદારી આપણી છે, અને આપણે એ જવાબદારી આપણામાં દશરથ, કૌશલ્ય, સુમિત્રા, રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, સીતા, માંડવી, ઉર્મિલા, કે શ્રુતકિર્તી બની આચરણમાં મૂકીને, જીવીએ અને એ આચરણ તરફ આપણાં સંતાનોના ચરણ ચાલે એવું કંઈક કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકારવૃત્તિ દિતિ એટલે ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ હિરણ્યકશિપુ જેવા રાક્ષસોના જન્મ થાય છે.

# જ્ઞાની પુરુષો ક્યારેય પણ આકારને જોતા નથી, જ્ઞાની પુરુષો સૃષ્ટિને નિર્વિકાર ભાવે જ જુએ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**અદિતિ એટલે અમેદબુદ્ધિમાંથી ભગવાન વામન જન્મે છે, જગતને ભેદભાવ થી જોશો નહીં, જગતને અમેદ ભાવથી જોવાનું છે, આકારએ કિંમતી વસ્તુ નથી, સોનું એ કિંમતી વસ્તુ છે, કિંમત સોનાની મળે છે, આકારની નહીં, માટે મૂળ પદાર્થને જુઓ, એક મહાત્મા પાસે સોના ની ગણપતિ અને સોનાની ઉંદરની મૂર્તિ હટી, મહાત્મા વૃદ્ધ થયા, તેમણે વિચાર્યું કે આ મૂર્તિ માટે ચેલાઓ ઝઘડો કરશે.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જે વસ્તુનું મન વારં વાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે. એક જ સ્વરૂપનું વારં વાર ધ્યાન કરો, સ્મરણ કરો, ચિંતન કરો તો તમે એ સ્વરૂપ મય બની જશો.એક શેઠ કાશ્મીરગયા હતા,ત્યાં તેમણે પુષ્કળ ગુલાબનાં ફૂલ જોયાં. શેઠ ના મનમાં દ્રવ્યનો ભાવ હતોએટલે શેઠને થયું,અહીં ગુલકંદની ફેકટરી ખોલી હોય તો વેપાર સારો ચાલે. શેઠની આંખમાં કેવળ દ્રવ્યનો ભાવ હતો,તેથી તેમને બધે પૈસો જ દેખાય છે. તેવી રીતે દૃષ્ટિને ભાગવતમય બનાવશો તો દૃષ્ટિ જ્યાં જશે ત્યાં ભગવાન દેખાશે, દિતિ એટલે ભેદબુદ્ધિ, અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકારવૃત્તિ દિતિ એટલે ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ હિરણ્યકશિપુ જેવા રાક્ષસોના જન્મ થાય છે. અદિતિ એટલે અમેદબુદ્ધિમાંથી ભગવાન વામન જન્મે છે.જગતને ભેદભાવથી જોશો નહીં. જગતને અમેદ ભાવથી જોવાનું છે. આકારએ કિંમતી વસ્તુ નથી, સોનું એ કિંમતી વસ્તુ છે. કિંમત સોનાની મળે છે, આકારની નહીં. માટે મૂળ પદાર્થને જુઓ. એક મહાત્મા પાસે સોના ની ગણપતિ અને સોનાની ઉંદરની મૂર્તિ હટી. મહાત્મા વૃદ્ધ થયા. તેમણે વિચાર્યું કે આ મૂર્તિ માટે ચેલાઓ ઝઘડો કરશે.તેથી મહાત્માએ આ મૂર્તિઓ વેચી ભંડારો કરવાનું વિચાર્યું અને આ મૂર્તિઓ વેચવા લઈ ગયા. ગણપતિની મૂર્તિ દસ તોલાની અને ઉંદરની મૂર્તિ અગિયાર તોલાની થઈ. સોનીએ કહ્યું કે, ગણપતિની કિંમત એક લાખ રૂપિયા અને ઉંદરની સવાલાખ રૂપિયા. મહાત્મા કહે, ગણપતિ તો માલિક દેવ છે. તેની કિંમત ઓછી કેમ આપે છે? સોની કહે, હું તો સોનાની કિંમત આપું છું, માલિક દેવની નહીં. મારે મન ગણપતિ કે આ ઉંદર નથી.આ સોનું છે. તેમ જ્ઞાની પુરુષો આકારને જોતા નથી. જ્ઞાની પુરુષો સૃષ્ટિને નિર્વિ કાર ભાવે જુએ છે. સર્વમાં એકને નિહાળો. અદિતિને પતિમાં પણ પરમાત્માનાં દર્શન થતાં હતાં. ગોપીની દૃષ્ટિ પરમાત્મામાં જ હતી શ્રીકૃષ્ણ મથુરામાં વિરાજતા હતા ત્યારે ગોપીનો શ્રીકૃષ્ણ ગોકુળમાં જ દેખાય છે. ઉદ્ધવને કહે છે કે, કનૈયો અહીં જ છે! ગોપીને બધું જ શ્રીકૃષ્ણમય, શ્યામ જ શ્યામ દેખાય છે. કુંજન શ્યામ,યમુના શ્યામ,ગગન શ્યામ ઘનશ્યામ શિવનો કંઠ શ્યામ બધે શ્યામ રંગ છે. હવે કશ્યપનો અર્થ જુઓ.તે શબ્દને ઊલટાવો તો થશે પશ્યક. ઉપનિષદમાં ક નો અર્થ કર્યો છે ઈશ્વર. ક એટલે ઈશ્વર અને શ્યપ એટલે જોવું. સર્વમાં એક ઈશ્વરને જુએ તે કશ્યપ. કશ્યપની વૃત્તિ બ્રહ્માકાર બની ત્યારે ભગવાનને પ્રગટ થવું પડયું. ગૃહસ્થાશ્રમ ભક્તિમાં બાધકનથી પણ સાધક છે. બાધક છે. ગૃહાસક્તિ, ગૃહસ્થાશ્રમ, કામાસક્તિ, દ્રવ્યાસક્તિ, વિષયાસક્તિ બાધક છે.સંસારના વિષયોમાં સાચું સુખ



હોય તો બધું છોડી મનુષ્યને નિદ્રા ની જરૂર શા માટે લાગે? વિષયોનો ત્યાગ કરી મનુષ્ય ને નિદ્રાની ઈચ્છા થાય છે તે બતાવે છે કે, વિષયોમાં સુખ નથી. જેમ અન્નનું સેવન રોજ કરો છે, તેમ વારંવાર સત્સંગની જરૂર છે. શરીર માટે અન્ન છે તેમ આત્મા માટે સત્સંગ છે. પ્રભુ કહે છે કે, હું અંતર્યામી રૂપે સર્વના હૃદયમાં વિરાજું છું, તેમ છતાં જો જીવ દુ:ખી હોય તો એમાં દોષ કોનો? પાસે લાખનો હીરો હોય પણ તેની કિંમત ખબર ન હોય તો દોષ કોનો? આ દુ:ખ અજ્ઞાનનું છે. બ્રહ્માકારવૃત્તિથી આ અજ્ઞાનનું તેમજ દુ:ખનું નિવારણ થશે. અંદરનું નિરાકાર અને બહાર નું સાકાર સ્વરૂપ એકત્ર થશે, ત્યારે વામનજી ભગવાન પ્રગટ થશે. અદિતિએ પયોવ્રત કર્યું. રાત્રે અદિતિને સ્વપ્ન માં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. ભગવાને કહ્યું,મારા ચતુ ર્ભુજ સ્વરૂપને નિહાળો અને મારા ચતુર્ભુજ સ્વરૂપનું ધ્યાન સતત તમારા પતિ ના શરીરમાં કરશો તો હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. એક સ્વરૂપનું વારંવાર ચિંતન કરે એટલે તે અધિકારીનું સ્વરૂપ મનમાં ઠસી જાય છે. અદિતિ અને કશ્યપ નારાયણનું ધ્યાન કરે છે. અદિતિ અને કશ્યપની વૃત્તિ નારાયણ બની ગઈ ત્યારે નારાયણ પધાર્યા. ભાદરવા સુદ બારસ મધ્યાહ્નકાળે માતા અદિતિ સન્મુખ વામન ભગ વાન પ્રગટ થયા. કશ્યપ દોડતા વામન ભગવાનનાં દર્શન કરવા આવ્યા. માતા પિતાને ભાન કરાવવા ભગવાને ચતુર્ભુજ સ્વરૂપ બતાવ્યું. હૃદયમાં આનંદ સમાતો નથી.ચતુર્ભુજ નારાયણનું સ્વરૂપ અદશ્ય થયું અને સાત વર્ષ ના બટુક વામન સ્વરૂપે પ્રગટ થયા સુંદર લંગોટી પહેરી છે. દિવ્ય તેજ છે. બ્રહ્માદિક દેવોએ કશ્યપને ધન્યવાદ આપ્યો કે, તમારો ગૃહા સ્થાશ્રમ સફળ થયો આજે તમે જગતના પણ પિતા બન્યા છે. વામનજીએ બાળલીલા કરી નથી, કારણકે પ્રગટ થયા ત્યારે સાત વર્ષના હતા. સાત વર્ષના બટુક વામનજીને જનોઈ આપવાનો નિર્ણય થયો. બ્રાહ્મણને જનોઈ આપવામાં આવે છે, ત્યારે તેનો બ્રહ્મસંબંધ થાય છે. જનોઇનો મંત્ર, પિતા પુત્રને કહે છે, આજથી તું મારો નહીં,આજથી તું ઈશ્વરનો થયો. તે દિવસે છેલ્લું માતા સાથે ભોજન કરવામાં આવે છે. જનોઈ આપ્યા પછી માબાપ પણ બદલાય છે. પિતા થાય છે સૂર્ય નારાયણ અને માતા બને છે ગાયત્રીમા જનોઈ મે વેદોએ આપેલી ચપરાસ છે. એ ચપરાસ પહેરી જીવ કહે છે કે, હવે હું નારાયણનો સેવક છું. શાસ્ત્રોક્ત સંસ્કાર કરવાથી જીવની શુદ્ધિ થાય છે અને તેના નિષ્કૃષ્ઠ ભાવો ની ઉન્નતિ થાય છે. પણ સંસારની પરંપરા આજે નષ્ટ થઈ છે. તેથી સંયમ અને સદાચાર નષ્ટ થાય છે. જનોઈ હાથે બનાવવી જોઈએ. સૂતરને છન્નું વખત લપેટવું પડે છે. વેદોમાં કર્મ અને ઉપાસના ના મંત્રો છન્નું હજાર છે.તે ભણવાનો અધિકાર તેથી મળે છે. વેદના મંત્ર એક લાખ છે પણ ચાર હજાર મંત્રો સંન્યાસી માટે છે. બાકીના છન્નું હજાર કર્મો અને ઉપાસનાના મંત્રો છે. જનોઈને બનાવનાર બ્રહ્મા અને ત્રિગુણા તિત કરનાર વિષ્ણુ છે જનોઇને ગાંઠ આપનાર શિવજી અને અભિમંત્રિત કરનાર ગાયત્રી દેવી છે. એક-એક ધાગામાં એક-એક દેવીની પ્રતિષ્ઠા કરવામાંઆવે છે,તેથી તેને લોઢા નો સ્પર્શ ન કરાવવો. જનોઇનો હેતુ ચાવી લટકાવવા માટે નથી. વામનજી મહારાજને જનોઈ આપવામાં આવે છે. અદિતિ એ લંગોટી આપી છે.ધરતીએ બ્રહ્મા એ કમંડળ, સરસ્વતીએ જપમાળા અને કુબેરે ભિક્ષા પાત્ર આપ્યું છે. પ્રાત: સંધ્યાથી રાત્રિનું પાપ નષ્ટ થાય છે. મધ્યાહ્નનથી સંધ્યા અન્ન જળનો દોષ દૂર કરે છે. ત્રિકાળ સંધ્યામાં સૂર્યનો જપ કરતાં કરતાં જગદંબા ગાયત્રીનું ધ્યાન કરવાનું છે.સંધ્યામાં ગાયત્રી માતાને આવાહન કરવાનું હોય છે.મા,તમે મારા હૃદય માં પધારો,મારું રક્ષણ કરો!સંધ્યામાં અઘમ ર્ષણ કરવાનું હોય છે.ધ્યાન કરવાનું હોય છે. ઉત્તમ સંધ્યા- આકાશમાં નક્ષત્રો હોય ત્યારે કરવામાં આવે તે. નક્ષત્ર ન દેખાતું હોય અને સૂર્ય નારાયણ બહાર ન આવ્યા હોય, ત્યારે સંધ્યા કરે તોતે મધ્યમસંધ્યા સૂર્યોદય પછીની તે અધમ સંધ્યા છે.બૃહ સ્પતિ વામનજી મહારાજ ને ઉપદેશ આપે છે કે, આજથી મધુકરી માગવાની. મધુકરીના અન્નમાં મધુરતા છે.તે પછી બ્રહ્મ ચારીના ધર્મો સંભળાવ્યા. બ્રહ્મચર્યાશ્રમ તેની પરંપરા નષ્ટ થઈ ત્યારથી દેશની દુર્દશા થઈ છે. બ્રહ્મચર્યના પાલન વગર કોઈ મહાન થયો નથી કે થવાનો નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજેથી ત્રણ દિવસ માવઠાની આગાહી વચ્ચે કેટલાક શબ્દનો પુરો અર્થ સમજવાની જરૂર છે. અધુરો ઘડો છલકાય તેમ કોઈ શબ્દ સાંભળી વાંચીને તેનો અભિપ્રાય આપી ન દેવો જોઈએ. આજની લેખમાળામાં પણ કેટલાક શબ્દોના અર્થ સમજવાની જરૂર છે બસ આજે અહીં અટકીએ અસ્તુ.

# અર્જુન કપૂર સાથે બ્રેકઅપ કર્યા બાદ કેવી છે મલાઈકા અરોરાની હાલત?

## મોડલ મલાઈકા અરોરાના પિતાએ સપ્ટેમ્બર મહિનામાં આત્મહત્યા કરી લીધી હતી

તાજેતરમાં મલાઈકા અરોરાનું જીવન ખૂબ જ મુશ્કેલ તબક્કામાંથી પસાર થયું છે. તેણીએ આ વર્ષની શરૂઆતમાં અર્જુન કપૂર સાથે સંબંધ તોડી નાખ્યો હતો અને ગયા મહિને તેણીએ તેના પિતા અનિલ મહેતાને ગુમાવ્યા હતા. અભિનેત્રી ભલે તેની ફિલ્મો માટે સમાચારમાં ન હોય, પરંતુ તે ઘણીવાર તેની ફેશન પસંદગીઓને કારણે હેડલાઈન્સમાં રહે છે. આ સિવાય મલાઈકાની પર્સનલ લાઈફ પણ ઘણી ચર્ચામાં છે. હવે તાજેતરમાં જ ગ્લોબલસ્પા મેગેઝીનને આપેલા એક ઈન્ટરવ્યુમાં અભિનેત્રીએ કહ્યું હતું કે તેને કોઈ પણ અફસોસ વગર પોતાનું જીવન જીવવું ગમે છે. તેણે કહ્યું કે મેં જીવનમાં જે પણ પસંદગીઓ લીધી છે તેનાથી મારા જીવનને આકાર આપવામાં મદદ મળી છે. બોલિવૂડની જાણીતી અભિનેત્રી અને મોડલ મલાઈકા અરોરાના પિતાએ સપ્ટેમ્બર મહિનામાં આત્મહત્યા કરી લીધી હતી. બોલિવૂડ દિવાએ કહ્યું, ''શક્તિ શોધવા માટે તમારે તમારી અંદર ઊંડા જવું પડશે. જ્યારે મારો પરિવાર, મિત્રો અને કામ મારા માટે મોટો આધાર છે. મારી આસપાસના લોકો પણ મને મજબૂત અને મજબૂત રહેવામાં મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમના સમર્થનથી બધું એકસાથે રાખવાની મારી ક્ષમતા પર ભારે અસર પડી છે.''અભિનેત્રીએ વધુમાં કહ્યું કે, ''હું કોઈ અફસોસ સાથે જીવતી નથી અને મને આ રીતે જીવવું ગમતું નથી. જે કંઈ પણ બન્યું છે અને થશે, તે મને કોઈને કોઈ રીતે મદદ કરશે, હું એવું માનું છું.''બ્રેકઅપ વિશે બોલતા મલાઈકાએ કહ્યું કે મેં મારા જીવન માટે જે નિર્ણય લીધો છે તે એકદમ સાચો છે. આ નિર્ણય મારા જીવનને વ્યક્તિગત અને વ્યવસાયિક રીતે આગળ લઈ ગયો છે. મને આ અંગે કોઈ અફસોસ નથી. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. વસ્તુઓ અમે ઈચ્છીએ છીએ તે રીતે સમાપ્ત થઈ.તમને જણાવી દઈએ કે મલાઈકાનું આ વર્ષે અર્જુન કપૂર સાથે બ્રેકઅપ થઈ ગયું હતું. ચાહકોને તેની જાણ ત્યારે થઈ જ્યારે અભિનેત્રી અર્જુન કપૂરના જન્મદિવસના અવસર પર જોવા મળી ન હતી. તેણે સોશિયલ મીડિયા પર પણ તેને શુભેચ્છા પાઠવી ન હતી. જોકે, બંનેમાંથી એકેય કલાકારે હજુ સુધી તેમના બ્રેકઅપની પુષ્ટિ કરી નથી. અભિનેત્રીએ કહ્યું- 'મને કોઈ અફસોસ નથી'.






### શાહરુખ ખાને જણાવી તેની અંતિમ ઈચ્છા

# હું મારા અંતિમ શ્વાસ સુધી કામ કરવા માંગુ છું : શાહરૂખ ખાન

હિન્દી સિનેમાના બાદશાહ તરીકે ઓળખાતા શાહરૂખ ખાને વર્ષ ૧૯૮૯માં ટીવી શો 'ફૌજી'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. ત્યારથી લઈને આજ સુધી તેણે ક્યારેય પાછું વળીને જોયું નથી અને મહેનતના દમ પર તેણે ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે.ત્રણ દાયકાની કારકિર્દીમાં, શાહરૂખ ખાને ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે અને ૫૮ વર્ષની ઉંમરે પણ તેના ચાર્મનો અંત આવ્યો નથી. તાજેતરમાં સ્વિટ્ઝર્લેન્ડમાં આયોજિત લોકર્નો ફિલ્મ ફેસ્ટિવલમાં તેને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. લોકર્નો ફિલ્મ ફેસ્ટિવલમાં તેણે જણાવ્યું કે, તે કેટલા સમય સુધી ફિલ્મોમાં કામ કરવા માગે છે. શાહરૂખ ખાનનું કહેવું છે કે, તે પોતાના અંતિમ શ્વાસ સુધી કામ કરવા માગે છે અને પોતાનો છેલ્લો સમય બીજે ક્યાંય નહીં પણ સેટ પર વિતાવવા માગે છે. અભિનેતાએ કહ્યું- શું હું હંમેશા એક્ટિંગ કરીશ? હા, હું મરી નથી જતો ત્યાં સુધી મારું સપનું છે કે કોઈ કહે એક્શન અને પછી હું મરી જઈશ. તેઓ કહે કટ અને પછી હું ઉઠતો નથી. 'હવે આ ખતમ થઈ ગયું, પ્લીઝ?' હું કહું છું, 'ના, જ્યાં સુધી તમે બધા એમ ન કહો કે તે ઠીક છે, તમે બધા એમ ન કહો કે, તે મારા માટે ઠીક છે. હા મને એક્ટિંગ હંમેશા ગમશે. હિન્દી સિનેમાના બાદશાહ તરીકે ઓળખાતા શાહરૂખ ખાને વર્ષ ૧૯૮૯માં ટીવી શો 'ફૌજી'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી શાહરૂખ ખાને કહ્યું કે, તે લોકોના મનોરંજન માટે કામ કરે છે. તે પોતાને ગંભીર અભિનેતા નથી માનતો, પરંતુ તેણે લોકોનું મનોરંજન કરવા માટે પોતાની અંદર કેટલીક વસ્તુઓ શોધી કાઢી છે. અભિનેતાના કહેવા પ્રમાણે- મેં કહ્યું તેમ, હું બહુ ગંભીર અભિનેતા નથી અને મેં લોકોને બતાવવા માટે અભિનય વિશે કેટલીક અદ્ભુત અને અંદરની બાબતો શોધી કાઢી છે. હું મારા અભિનય દ્વારા જીવનના આનંદની ઉજવણી કરું છું.



### હોલિવૂડ સ્ટાર અને ડાયરેક્ટર એકબીજાને ભેટી છૂટા પડ્યાં

# વિધુ ચોપરા-જોસેફ લેવિટ વચ્ચે લાંબી ચર્ચા

## ડિરેક્ટર વિધુ વિનોદ ચોપરા તાજેતરમાં ઇન્ડિયન ફિલ્મ પ્રોજેક્ટના ૧૪મા સમારોહમાં હાજર રહ્યા હતા

હિન્દી ફિલ્મોના જાણીતા ડિરેક્ટર વિધુ વિનોદ ચોપરા તાજેતરમાં ઈન્ડિયન ફિલ્મ પ્રોજેક્ટના ૧૪મા સમારોહમાં હાજર રહ્યા હતા. જેમાં તેમણે ફિલ્મ મેકિંગ, સ્ટોરી ટેલિંગ તેમજ સિનેમાની દુનિયામાં આવી રહેલા પરિવર્તનો વિશે વાત કરી હતી. તેમણે માત્ર વ્યાખ્યાન આપવાને બદલે ઓડિયન્સ સાથે પ્રશ્નોત્તરી કરીને તેમના પ્રશ્નોના રસપ્રદ જવાબ આપ્યા હતા. જેનાથી ઓડિયન્સને પ્રેરણાની સાથે મનોરંજન પણ મળ્યું હતું. આ ઈવેન્ટની બીજી નોંધપાત્ર ઘટના રહી હતી, હોલિવૂડ સ્ટાર જોસેફ ગોર્ડન લેવિટની હાજરી, જેમણે પોતે વિધુ વિનોદ ચોપરાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ વિધુએ તેમને પોતાની વેનિટીમાં બોલાવ્યા હતા, જ્યાં તેમની બંનેની વચ્ચે ફિલ્મો અને ફિલ્મ માટેના પેશન અંગે લગભગ એક કલાક સુધી વાતો થઈ હતી. જોસેફે ભારતમાં ફિલ્મ બનાવવાની ઈચ્છા પણ દર્શાવી હતી. આ મુલાકાતના અંતે વિધુ વિનોદ ચોપરાએ જાદુ કી જપ્પી આપીને જોસેફને વિદાય આપી હતી, જેની તસવીરો વાયરલ થઈ હતી. સાથે જ બંનેના ફેન્સે તેઓ બંને એક સાથે કામ કરે તેવી આશા પણ વ્યક્ત કરી હતી. જોસેફ ગોર્ડનની મુલાકાતની વધુ એક મહત્વની વાત એ પણ છે કે તેણે રાજકુમાર રાવ અને પત્રલેખાના ઘરની મુલાકાત લઈને તેમના ઘેર સાંજનું ભોજન પણ લીધું હતું. રાજકુમાર રાવ અને પત્રલેખાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ પણ લખી હતી. તસવીર શેર કરીને તેમણે લખ્યું હતું, હિન્દી ફિલ્મોના જાણીતા ડિરેક્ટર વિધુ વિનોદ ચોપરા તાજેતરમાં ઈન્ડિયન ફિલ્મ પ્રોજેક્ટના ૧૪મા સમારોહમાં હાજર રહ્યા હતા ''તમને મળીને તમને જાણવા એ એક અદ્દભુત અનુભવ રહ્યો, જોસેફ ગોર્ડન લેવિટ. આવું જ પ્રેરણાત્મક કાર્ય કરતા રહો દોસ્ત.'' આ પ્રસંગે રાજકુમાર રાવના ઘેર સોહા અલી ખાન, કુનાલ ખેમુ, અભિષેક બેનર્જી પણ હાજર રહ્યાં હતાં. વિધુ વિનોદ ચોપરાના પિતા ડી.એન. ચોપરા હતા અને પીઢ ફિલ્મ નિર્માતા રામાનંદ સાગર તેમના સાવકા ભાઈ હતા. તેમની માતા શાંતિ દેવી મહાલક્ષ્મી હતી, જેમણે ૧૯૯૦માં કાશ્મીર સંઘર્ષને કારણે કાશ્મીર છોડી દીધું હતું. એક બાજુ પિતાની ફિલ્મ ''૧૨મી ફેલ'' ધમાલ મચાવી રહી છે, તો પુત્ર રણજી ટ્રોફી માચવી રહ્યો છે ધમાલ, આઝે વિધુ વિનોદ ચોપરાના પરિવાર વિશે જાણીએ. રણજી ટ્રોફીમાં અગ્નિની જબરદસ્ત પદાર્પણથી વિનોદ ચોપરાના પરિવારમાં આનંદનો માહોલ છે, આ પ્રતિભાશાળી ક્રિકેટરે ક્રિકેટના મેદાનમાં પોતાની ઓળખ બનાવી છે. રામાનંદ સાગર અને વિધુ વિનોદ ચોપરા સાવકા ભાઈઓ છે. રામાનંદ સાગરના પિતાની પહેલી પત્નીનું અવસાન થયું. આ લગ્નથી તેમને રામાનંદ સાગર નામનો પુત્ર થયો. આ પછી તેણે ફરીથી લગ્ન કર્યા અને વિધુ વિનોદ ચોપરાનો જન્મ થયો.



### તેના કારણે બાળકીના પરિવારના ચહેરા પરથી ચિંતા દૂર થઈ

# અભિનેતા રામચરણનું દિલ વિશાળ હોવાનો વધુ એક પુરાવો મળ્યો

## ૨૨ ઓગસ્ટે ચિરંજીવીનો બર્થડે હતો, એ જ દિવસે એક ફોટો જર્નાલિસ્ટને ત્યાં દિકરીનો જન્મ થયો હતો, તાજેતરમાં જ તેના વિશાળ દિલનો વધુ એક પુરાવો સામે આવ્યો છે


રામચરણની એક અભિનેતા તરીકે તો હંમેશા સરાહના થઈ જ છે, સાથે તે એક સંવેદનશીલ વ્યક્તિ તરીકે પણ તે પોતાના પિતાના પગલે ચાલતો હોવાની વાત હંમેશા થતી રહે છે. તાજેતરમાં જ તેના વિશાળ દિલનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. ઓગસ્ટ મહિનામાં હૃદયની બીમારી સાથે જન્મેલી એક નાની બાળકીને સારવાર મેળવવામાં મદદ કરી છે. ૨૨ ઓગસ્ટે ચિરંજીવીનો બર્થડે હતો. એ જ દિવસે એક ફોટો જર્નાલિસ્ટને ત્યાં દિકરીનો જન્મ થયો હતો. જન્મના થોડા જ વખતમાં ડોક્ટર્સને બાળકીના હૃદયમાં કોઈ તકલીફ હોવાનો ખ્યાલ આવી ગયો હતો. તેથી તેમણે પરિવારને ચેતાવણી પણ દિધી હતી કે બાળકીની બચવાની શક્યતા ઓછી છે. ૨૨ ઓગસ્ટે ચિરંજીવીનો બર્થડે હતો. એ જ દિવસે એક ફોટો જર્નાલિસ્ટને ત્યાં દિકરીનો જન્મ થયો હતો આ સ્થિતિમાં પરિવાર તાત્કાલિક ધોરણે મોંઘી સારવારનો ખર્ચ ઉઠાવી શકે તેમ નહોતો. પલ્મોનરી હાઈપરટેન્શનથી પીડાતી આ બાળકીને અપોલો ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ જનરલ હોસ્પિટલ, હૈદ્રાબાદ ખાતે દાખલ કરવામાં આવી હતી. જ્યારે રામચરણને આ આ પરિવારની સ્થિતિ અંગે જાણ થઈ તો તેણે આ બાળકીની સારવારની સંપુર્ણ જવાબદારી લઈ લીધી હતી. ૨૪ ઓગસ્ટે બાળકી દાખલ થઈ ત્યારથી રામચરણની ઓફિસ સતત પરિવારના સંપર્કમાં હતી અને બાળકીની સારવાર માટે જરૂરી બધો જ સહકાર પૂરો પાડ્યો હતો. આ ઉપરાંત ચિરંજિવી આઈ એન્ડ બ્લડ સેન્ટર દ્વારા પણ જરૂરી રક્ત અને પ્લેટલેટ્સ મેળવવામાં મહત્વની ભૂમિકા ભજવવામાં આવી હતી. આ બાળકીની ૫૩ દિવસની પડકારજનક સારવાર બાદ, ૧૬ ઓક્ટોબરે તેને દવાખાનામાંથી રજા આપવામાં આવી હતી. રામ ચરણની મદદને કારણે બાળકીના પરિવારના ચહેરા પરથી ચિંતા દૂર થઈ શકી હતી.



# દિવ્યા કુમાર ખોસલાએ હવે કરણ જોહર પર નિશાન સાધ્યું

## આલિયાની 'જિગરા'ના બોક્સઓફિસ કલેક્શન સામે શંકા વ્યક્ત થયા બાદ કરણ જોહર પર હલકી કક્ષાની ભાષાનો આક્ષેપ

ટી-સિરીઝના ભૂષણ કુમારની પત્ની દિવ્યા કુમાર ખોસલાએ પહેલા જાહેરમાં આલિયા ભટ્ટ પર આરોપ મુકીને વિવાદાસ્પદ નિવેદન કર્યું, હવે તેણે કરણ જોહર પર નિશાન સાધ્યું છે. અગાઉ તેણે 'જિગરા'ની બોક્સ ઓફિસ સફળતા દર્શાવવા આલિયાએ ટિકિટ ખરીદી હોવાનું કહીને પુરાવા માટે ખાલી પડેલા થિએટરની તસવીર શેર કરી હતી. તેણે આ સાથે આલિયા પર છેતરપિંડીનો આક્ષેપ પણ મુક્યો હતો.હવે તેણે કરણ જોહર પર નિશાન સાધતાં એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, ''મારા આક્ષેપોને દબાવી દેવા માટે કરણે હલકી કક્ષાની ભાષાનો ઉપયોગ કર્યો છે. તેણે મારા નિવેદનના જવાબમાં ''મુરખ'' શબ્દનો ઉપયોગ કર્યો હતો. શું અયોગ્ય આચરણ સામે પ્રશ્ન ઉઠાવતી મહિલાને મૂર્ખ કહેવું વ્યાજબી છે? જો મારી સાથે આવું થતું હોય, તો જે લોકો ઈન્ડસ્ટ્રીમાં નવા છે તેમનું શું? અહીં કોઈ રાજા નથી કે તેની સાથે એવું વર્તન પણ થવું જોઈએ નહીં. હું પહેલાંથી જ જાણીતી છું.'' આમ કહીને તેણે કરણ અને તેની પીઆર ટીમની ટીકા કરી હતી. હવે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં દિવ્યાએ આલિયાનો પક્ષ લેતાં એવું કહ્યું કે, આલિયા પહેલાંથી જ લોકપ્રિય અને પોતાની જાતને સાબિત કરી ચૂકેલી એક્ટ્રેસ છે, તેણે આવી સાંઠ-ગાંઠમાં પડવાની કોઈ જરૂર નથી. સાથે તેણે ભારપૂર્વક એવું પણ કહ્યું કે ખરી બહાદુરી ખોટું થતું હોય તેની સામે ઊભા રહેવામાં છે અને દર્શકો નક્કી કરે છે કે ફિલ્મની સફળતા કેટલી હોવી જોઈએ, તેનો આધાર પૈસા અને યેનકેન રીતે પ્રભાવ પાડવા પર ન હોવો જોઈએ. ફિલ્મની બોક્સ ઓફિસની કમાણી સાથે છેડછાડ બાબતે દિવ્યાએ વધુમાં જણાવ્યું, ''કોવિડ પછી કેટલાક નાના પ્રોડક્શન હાઉસ બંધ થઈ ગયા છે અને જેમને આર્થિક ટેકો હતો એ જ ટકી શક્યા છે. હું ખાલી થિએટર જોઉં છું અને છતાં જિગરાના પહેલા દિવસના આંકડા મોટા આવે છે, તેમાં કોઈ ગંભીર સુધારાની જરૂર જણાય છે.''આગળ દિવ્યાએ કહ્યું,''આપણે કોઈ સ્ટોક માર્કેટ નથી, પણ સર્જનાત્મક લોકો છીએ, પરંતુ આવા ખોટા આંકડા જાહેર કરીને કેટલાક મીડિયા હાઉસ ખરાબ ફિલ્મોને પ્રોત્સાહન આપે છે. જ્યારે સારી ફિલ્મની સફળતા વિશે કોઈ વાત કરતું નથી. આ પ્રકારના લોકો ખોટી ટિકીટ ખરીદીને ખોટા આંકડા બતાવીને નક્કી કરે છે કે કઈ ફિલ્મ સફળ થશે અને કઈ નિષ્ફળ. તેઓ એ સાબિત કરે છે કે આ ઈન્ડસ્ટ્રીમાં માત્ર પૈસાવાળા લોકો જ ટકી શકશે, જ્યારે નવા લોકોને પ્રવેશ કરવા માટે પણ સંઘર્ષ કરવો પડશે.''વાસન બાલાની ફિલ્મ જિગરા ૧૧ ઓક્ટોબરે રિલીઝ થઈ છે, જેણે પહેલા દિવસે ૪.૫૫ કરોડની કમાણી કરી છે અને પહેલા અઠવાડિયે ૧૬.૭૫ કરોડની કમાણી કરી છે.



### મમતાએ અભિનેતાના નિધન પર શોક વ્યક્ત કર્યો

# દેવરાજ રાયે ૭૩ વર્ષની વયે દુનિયાને કહ્યું અલવિદા...



મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અભિનેતાના નિધન પર શોક વ્યક્ત કરતા કહ્યું, ''દેવરાજ રાયનું બંગાળી ફિલ્મ ઉદ્યોગમાં એક મોટું નામ હતું. તેમણે મશહૂર નિર્દેશકોની ફિલ્મોમાં અભિનય કર્યો અને પ્રશંસા મેળવી હતી. હું તેમને લાંબા સમયથી ઓળખતી હતી. તે ખૂબ જ સજ્જન વ્યક્તિ હતા. તેમના પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના છે.''દેવરાજ રાયનો જન્મ ૯ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ થયો હતો. તેમણે ૧૯૭૦માં સત્યજીત રેની ફિલ્મ 'પ્રતિદ્વંદ્વીથી અભિનયની શરૂઆત કરી હતી. એ પછી તેમણે ૧૯૭૧ માં મૃણાલ સેનની 'કોલકાતા ૭૧' માં ભૂમિકા ભજવી હતી. જેમાં તેમને ખૂબ જ લોકપ્રિયતા મળી હતી. દેવરાજે તપન સિંહા, તરુણ મજુમદાર, વિભૂતિ લાહા જેવા તે યુગના મશહૂર નિર્દેશકો સાથે પણ કામ કર્યું હતું. તપન સિન્હાની ફિલ્મ 'રાજા'માં તેમનો અભિનય હંમેશા યાદગાર રહેશે. આ ઉપરાંત ૧૯૭૩માં દિનેન ગુપ્તા દ્વારા નિર્દેશિત ફિલ્મ 'મર્જીના અબ્દુલ્લા'માં મીતુ મુખર્જી સાથેની તેની જોડીએ પણ દર્શકોના દિલ જીતી લીધા હતા. આ ફિલ્મમાં તેમણે ભજવેલું પાત્ર અને મન્ના ડેનું ગીત આજે પણ દર્શકોમાં લોકપ્રિય છે.આ સાથે દેવરાજ રાયે માત્ર ફિલ્મોમાં જ નહીં, પરંતુ સ્ટેજ પર પણ પોતાની અભિનય આપી પ્રતિભા દેખાડી હતી. તેઓ દૂરદર્શન પર સમાચાર વાંચનમાં પણ ખૂબ લોકપ્રિય હતા. ૧૯૭૬માં તેમણે અભિનેત્રી અનુરાધા રાય સાથે લગ્ન કર્યા.છેલ્લા કેટલાક સમયથી શારીરિક સમસ્યાઓના કારણે તેઓ મનોરંજનની દુનિયાથી દૂર હતા. તેમના પાર્થિવ દેહને શુક્રવારે બિધાનનગર સ્થિત તેમના નિવાસ સ્થાનેથી અંતિમ સંસ્કાર માટે લઈ જવામાં આવશે.

# અભિનેત્રી તૃપ્તિ ડિમરીની 'ધડક ૨' ફેબ્રુઆરીમાં રિલીઝ થશે



'ધડક ૨' એ ૨૦૧૮માં આવેલી જહાન્વી કપૂર -ઇશાન ખટ્ટરની ફિલ્મ 'ધડક'ની સીક્વલ છે

તૃપ્તિ ડિમરીની 'ધડક ૨'ની રિલીઝ ડેટ જાહેર થઈ ચૂકી છે. તૃપ્તિની એક પછી એક ફિલ્મો આવી રહી છે. 'વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો' રિલીઝ થઈ ચૂકી છે. હવે તેની 'ભુલભુલૈયા ૩' આવશે ત્યાર બાદ 'ધડક ૨' રિલીઝ થશે. આમ એક પછી એક ફિલ્મ કરી રહી છે અને તે એક સ્ટાર તરીકે પોતાની જગ્યા બનાવી રહી છે. 'ધડક ૨' એ ૨૦૧૮માં આવેલી જહાન્વી કપૂર અને ઈશાન ખટ્ટરની ફિલ્મ 'ધડક'ની સીક્વલ છે. 'ધડક' મરાઠી ફિલ્મ 'સૈરાટ'ની રિમેક હતી. જ્યારે હવે 'ધડક ૨' તમિલ ફિલ્મ 'પેરિયેરુમ પેરુમલ'ની રિમેક હશે. જેમાં તૃપ્તિ સાથે સિદ્ધાંત ચતુર્વેદી મુખ્ય રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. આમ 'ધડક ૨' દ્વારા આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મોમાં નવું પ્રકરણ ઉમેરાશે. તૃપ્તિ એક પછી એક વૈવિધ્યસભર રોલ કરી રહી છે, જેમાં તેના અભિનયના વખાણ પણ થઈ રહ્યા છે. ત્યારે હવે આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મમાં તૃપ્તિના કાસ્ટિંગથી તેના ફેન્સ ઉત્સાહમાં આવી ગયા છે. સાથે જ તેને મળી રહેલાં આ વિવિધ રોલ તેનું અભિનય માટેનું ડેડિકેશન અને તૈયારી પણ દર્શાવે છે. જે બોલિવૂડની દુનિયાને પોતાને રોલ આપવા માટે મજબૂર કરી રહી છે.





# ગુસ્સામાં અથવા મજાકમાં ઘણું બધું કહેતા હોય છે

અવારનવાર બનતી બળાત્કારની ઘટના ને આપણને હચમચાવી નાખે છે, પરંતુ આપણે તેને અટકાવવા માટે કંઈ ખાસ નથી કરી શકતા. સરકાર અને પોલીસ પણ આવી ઘટના અટકાવી નથી શકતી. ગૂગલ, યૂટ્યૂબ પર મોટી સંખ્યામાં વલ્ગર વીડિયો, અભદ્ર ફિલ્મો, જાહેરાત, અયોગ્ય ઉછેર, પૌરુષત્વને સાબિત કરવાની પ્રબળ ઈચ્છા, બદલો, દુશ્મની, ઠેરઠેર નશાની દુકાનો, મોડર્ન માનસિકતા દર્શાવીને છોકરા પર આંધળો ભરોસો કરતી છોકરીઓ, દ્વિઅર્થી સંવાદ, નિમ્ન માનસિકતા, ઘટતી માનવતા વગેરે.

એક અન્ય મહત્ત્વનું અને મોટું કારણ છે છોકરાઓની મર્દાનગીની મજાક ઉડાવવી અથવા તો તેમને ઉશ્કેરવા, જેમાં ક્યારેક મિત્ર, ક્યારેક સગાંસંબંધી તો ક્યારેક સ્વયં છોકરીઓ પણ સામેલ હોય છે. ‘અરે, આ તો મૂછોવાળું બાળક છે’, તેના હજી દૂધના દાંત પણ તૂટ્યા નથી, ક્યાંક થર્ડ જેન્ડર તો નથી ને...’ વગેરે. આવા ઘૃણાજનક વાક્યોથી છોકરાઓની મર્દાનગીને ઠેસ પહોંચે છે, જે તેમના માટે અસહ્ય બની જાય છે. તેનાથી દુખી થઈને તેઓ પોતાની મર્દાનગીને સાબિત કરવા માટે બળાત્કાર જેવા ગેરકાનૂની, અનૈતિક તેમજ ઘૃણાસ્પદ પગલાં ભરે છે.

# તમારી આસપાસની મહિલાઓ અથવા છોકરીઓ તામસી સ્વભાવની હોય તો તેમની સાથે ઓછા સંબંધ રાખવા કે પછી દૂર રહેવું



ઝઘડાળુ મહિલાઓ કેવી હોય છે? શું તેઓ બીજી મહિલાઓથી અલગ હોય છે? શું તેમને લડવાઝઘડવામાં મજા આવે છે? શું તેઓ પોતાના ઘરમાં પણ આ જ રીતે લડતીઝઘડતી રહે છે? તેમના ઘરમાં સુખશાંતિ હોય છે કે નહીં? ઝઘડાળુ મહિલાઓનો સ્વભાવ કેવો હોય છે? આ બધું સમજવા માટે સોશિયલ મીડિયા પર અપલોડ કરેલા વીડિયો પર એક નજર નાખીએ.

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયો દિલ્લી મેટ્રોના લેડીઝ કોચનો હતો. વીડિયોમાં તમામ લેડીઝ પોતપોતાની સીટ પર બેઠેલી હતી. એટલામાં બ્લેક જીન્સ અને રેડ ટોપ પહેરેલી મહિલા પોતાની સીટ પરથી ઊભી થાય છે અને સામેની સીટ પર બેઠેલી મહિલાને ખૂબ ખરાબ રીતે ગુસ્સામાં બોલવા લાગે છે. થોડી વારમાં રેડ ટોપ પહેરેલી મહિલાએ પોતાના ચંપલ ઉતાર્યા અને બીજી મહિલા સાથે લડવા તૈયાર થઈ ગઈ. પછી બીજી મહિલાએ પણ પોતાની પાણીની બોટલ ઉઠાવી લીધી.

જોકે તે સમયે આસપાસની મહિલાઓએ તેમને ચુપ રહેવા અને લડાઈ ન કરવાની સલાહ આપી.

તે પછી શું થયું તે કોઈ નથી જાણતું, કારણ કે આ વીડિયો અપલોડ કરનારે માત્ર એટલો જ વીડિયો બનાવ્યો હતો. તેણે જોનાર પર છોડી દીધું હતું કે વિચારો આગળ કે થયું શું હશે.

આવો જ એક વીડિયો મુંબઈની જીવાદોરી કહેવાતી લોકલ ટ્રેનનો આવ્યો હતો. થોડા સમય પહેલાં મુંબઈની લોકલ ટ્રેનના લેડીઝ કોચની ૩ મહિલા વચ્ચે થયેલી ઉગ્ર બોલચાલનો હતો. આ વીડિયો પણ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોમાં પેસેન્જરથી ભરેલા એક ડબ્બામાં ૩ મહિલાઓ એકબીજા સાથે લડતી જોવા મળી હતી અને વીડિયોમાં તેઓ એકબીજાના વાળ ખેંચી રહી હતી.

અવારનવાર સોશિયલ મીડિયા પર આવા અનેક વીડિયો વાયરલ થતા રહે છે, જેમાં મહિલાઓને એકબીજા સાથે લડતીઝઘડતી દર્શાવવામાં આવે છે. જોકે આ વીડિયોમાં અંતે શું થયું તેની જાણકારી જોનારને નથી મળતી. પછી જોનાર એ જ વિચારોમાં રહે છે કે આ લડાઈઝઘડાનો અંત કેવો થશે? શું પોલીસ તેમને પકડીને લઈ ગઈ કોઈ શું કોઈએ આ ઝઘડામાં મધ્યસ્થી કરીને તેમને શાંત પાડ્યા હશે? આવા અનેક પ્રશ્નો જોનારના મનમાં ઊઠતા હોય છે.

# અધૂરું જ્ઞાન આપે મોબાઈલ



સોશિયલ મીડિયાએ આજે સામાન્ય લોકોની ખાસ તો યુવતીઓ, મહિલાઓ, માતાઓ, પ્રૌઢ, વૃદ્ધોની વિચારસરણીને સંકુચિત કરી દીધી છે કારણ કે તેમને લાગે છે કે જે તેમના મોબાઈલની સ્ક્રિન પર દેખાય છે તે એક માત્ર અને અંતિમ સત્ય છે, તે જ દેવવાણી છે, તે જ ધર્માદેશ છે, તે જ થઈ રહ્યું છે. હવે તો ન કોઈ કહેનાર રહ્યું છે કે જે દેખાય છે તે તેણે મોકલ્યું છે જે તમારા જેવી વિચારસરણીના છે, તમારા વર્ગના છે, તમારા સમાજના છે કારણ કે સોશિયલ મીડિયા ભલે ને અબજોને સ્પર્શી રહ્યું હોય, એક વ્યક્તિ તેને જ ફોલો કરી શકે છે જેને તે ઓળખે છે કે જાણવા ઈચ્છે છે.

સોશિયલ મીડિયાની આ ખામી કે તેને કોઈ એડિટ નથી કરતું, કોઈ ચેક નથી કરતું. તેની પર કમેંટ્સમાં ગાળો સુધ્ધાં આપી શકાય છે. સોશિયલ મીડિયાને માહિતીનો એક માત્ર સોર્સ માનવો સૌથી મોટી ભૂલ છે. તે દિશાહીન પણ છે, ભ્રામક છે, ખોટું પણ છે. જાણકારી આપે છે પણ ટુકડામાં.



પરિણામ એ છે કે આજની યુવતીઓ, માતાઓ, મહિલાઓ શિક્ષિત અને કમાઉ હોવા છતાં પણ દેશ અને સમાજને બદલવા વિશે ન કંઈ જાણી શકે છે, ન કહી શકે છે કારણ કે તેમને દરેક વાતની અધૂરી જાણકારી છે. જે તેમની પાસેથી મળી છે જે અજાણ છે, તેમના પોતાના સાથી છે. બધા પ્લેટફોર્મ પરથી તમે તેમની જ પોસ્ટ જુઓ છો જેને ફોલો કરી રહ્યા છો અને જો ક્યાંક મહિલાઓના અધિકારોની વાત થઈ રહી હોય તો તે દબાઈ જાય છે કારણ કે જે ફોરવર્ડ કોઈ નથી કરી રહ્યું. મહિલાઓની સમસ્યાઓ ઓછી નથી. આજે પણ છોકરી પેદા થતા જ ડરેલી ડરેલી રહે છે. તેને ગુડ ટચ અને બેડ ટચનો પાઠ ભણાવીને ડરાવી દેવામાં આવે છે. તેને મોબાઈલ પકડાવીને, ફિલ્મો, કાર્ટૂનમાં ગૂંચવી દેવામાં આવે છે. તેને ઘરની બહારના વાયોલેંસના સીન એટલા દેખાય છે કે તે હંમેશાં ડરેલી રહે છે. હંમેશાં ઘરમાં મોરચા તો ખૂલેલા જ હોય છે પણ ઘરની બહારનું જીવન શું છે તે તેને ખબર નથી હોતી.

# નડલ્સ નહીં ભૂલો તેનો સ્વાદ

“ટુ મિનિટ નૂડલ્સ.” એટલે કે મેગીને તો બધા જાણો છો, પરંતુ શું તમને ખબર છે કે દુનિયાભરમાં કેટલા પ્રકારના નૂડલ્સ ખવાય છે? હા, અનેક પ્રકારના.

કોઈ સ્વચ્છ સફેદ, તો કોઈ પાતળી સૂતળી જેવા અથવા કોઈ પહોળી રિબન જેવા બનેલા હોય છે. કેટલાક લોટમાંથી બનેલા હોય છે તો કેટલાક ચોખા, મેંદા, બટાકા, ઈંડા, શક્કરિયા અથવા કોળામાંથી બનેલા. તે સિવાય બીજા પણ જાતજાતના નૂડલ્સ માર્કેટમાં ઉપલબ્ધ હોય છે. આકાર અને રંગમાં અલગ આ નૂડલ્સ ઘણી બધી રીતે બનાવાય છે. તેના નામ પણ અલગઅલગ. બાળકો તેને ખુશીથી ખાય છે અને મોટા પણ તેને ખૂબ પસંદ કરે છે. નૂડલ્સ બનાવવામાં સરળ, સ્વાદિષ્ટ હોય છે તેમજ તેમાં મનગમતા શાકભાજી મિક્સ કરીને તેને પૌષ્ટિક પણ બનાવી શકાય છે. આજે આવા જ કેટલાક પૌષ્ટિક નુડલ્સ વિશે જાણીએ, જે ચીનની સરહદને ઓળંગીને બીજા ઘણા દેશમાં પણ લોકપ્રિય બની ગયા છે.

### યૂનાન રાઈસ નૂડલ્સ

આમ તો ચોખાના નૂડલ્સ અનેક આકારના મળે છે, પરંતુ ગોળ અને સામાન્ય સ્પેગેટી ટાઈપના નૂડલ્સ સૌથી વધારે લોકપ્રિય છે, જેને યુનાન ડેલ્સ અથવા શ્રી જિન પણ કહે છે. દક્ષિણ પશ્ચિમી ચીનના યૂનાન પ્રોવિન્સથી લોકપ્રિય થયેલા આ નૂડલ્સ મોટાભાગે ગ્લુટેન ફ્રી ચોખા અને પાણીના મિશ્રણથી બનાવવામાં આવે છે. નુડલ્સમાંથી ઘણા બધા પ્રકારની ડિશિસ બનાવવામાં આવે છે જેમાં સૌથી વધારે લોકપ્રિય ‘ક્રોસિંગ ધ બ્રિજ રાઈસ નૂડલ્સ‘ છે. ચિકન, પોર્ક અને મસાલા ખાસ કરીને સ્ટાર એનીજ અને આદું સાથે બનાવવામાં આવેલા સૂપ સાથે તૈયાર નૂડલ્સ પીરસવામાં આવે છે.





# સુંદર દેખાવું દરેક મહિલાની ઈચ્છા હોય છે

# પરંતુ તેનાથી ઘરના લોકો ચિડાય અથવા તેને નાટક સમજે તો પછી તમારે શું કરવું જોઈએ

પોતાની પર્સનાલિટી બાબતે તે ખૂબ કોંશિયસ છે. તે પોતાના આઉટફિટથી લઈને સ્કિન સુધ્ધાંનું ખૂબ ધ્યાન રાખે છે. આ જ કારણસર ૩૫ વર્ષ પૂરાં થયા પછી પણ તેની સ્કિન બિલકુલ યુવા છે, જાણે કોઈ કોલેજમાં ભણતી ૨૧-૨૨ વર્ષની છોકરી ન હોય. કોવિડ-૧૯ ના સમયે જ્યારે તે પોતાની આસપાસના લોકોને કંઈક નવું શીખતા જોઈ રહી હતી, ત્યારે તેણે પણ પોતાની પર્સનાલિટીમાં બદલાવ લાવવાનું નક્કી કરી લીધું. સૌપ્રથમ તેણે પોતાના બેડોળ શરીરને શેપ આપ્યો. ત્યાર પછી પોતાનું મેકઓવર કર્યું તેમજ સૌથી જરૂરી પોતાની સ્કિન કેર કરી.

પરંતુ તેની સ્કિન કેરની આજર્ની સરળ ન રહી. ઘણી વાર એવા પ્રસંગો પણ આવ્યા જ્યારે તેનો પતિ નવીન તેને જાતજાતની ક્રીમ, સીરમ અને અલગઅલગ પ્રકારના ફેસવોશ યૂઝ કરતા જોતો ત્યારે ચિડાઈ જતો. તેને ઘણી વાર તે સમયે ટોકતો હતો અને કહેતો કે કેમ આ બધા પાછળ વ્યર્થ પૈસા બરબાદ કરી રહી છે. પૈસા ઝાડ પર ઊગતા નથી કે તું આ બધી નકામી વસ્તુમાં ખર્ચી રહી છે. તેમ છતાં સુંદરતાની એટલી ચિંતા હોય તો પછી ઘરેલુ નુસખા કેમ અપનાવતી નથી. હું કંટાળી ગયો છું તારા આ ખર્ચાથી.

રાત્રે ઊંઘતી વખતે કહેતા, રાત પડી નથી કે શરૂ થઈ જાય છે શૃંગાર સજવા. શાંતિથી ઊંઘવા પણ નથી દેતી. કલાકો સુધી લાઈટ ચાલુ રાખીને તારી સ્કિન કેરમાં ખોવાઈ જાય છે. શું તને આ બધામાં થાક નથી લાગતો. એક જ તો રવિવાર મળે છે એન્જોય કરવા, તેમાં પણ તારાં નખરાં ઓછાં નથી થતાં. ક્યારેક તો કહે કે ચાલો, ક્યાંક બહાર ફરવા જઈએ તો કહે છે, બહાર ખૂબ તડકો છે, મારી સ્કિન ખરાબ થઈ જશે, જાણે અમારે તો સ્કિન હોય જ નહીં. અમે પથ્થરના બનેલા છીએ. તારાં આવાં નાટક કોઈ કેટલું સહન કરશે.



# બાળકોના સારા વિકાસ માટે બેલેંસ્ડ ડાયટ હોવું કેમ જરૂરી છે

**બાળકોને વિકાસ માટે પ્રોટીન, કેલ્શિયમ, ચરબી, આયર્ન, વિટામિન અને ઝિંક જેવા પોષક તત્ત્વોની જરૂર હોય છે. આ બધા પોષક તત્ત્વો ફિઝિકલ અને મેન્ટલ ગ્રોથની સાથેસાથે ઊંચાઈ વધારવામાં પણ હેલ્પ કરે છે, તેથી દરેક બાળકના ખોરાકમાં વિટામિન્સ સામેલ કરવા ખૂબ જરૂરી છે.**



બાળકોને એવો ખોરાક આપો જે તેમની બોડીનો ગ્રોથ કરે જેમ કે દૂધ, ઓછી ફેટવાળું દહીં, બટર, ઈંડાં, મીટ (ઓછા પ્રમાણમાં), ફિશ, લીલા શાકભાજી, ફળ, ડાયફ્રૂટ્સ, માખણ વગેરે. તે ઉપરાંત બાળકોને ઓર્ગેનિક શાક પણ આપવા જોઈએ. પ્રયત્ન કરો કે તમે જે ફળ અને શાક બાળકોને આપો તે આર્ગેનિક હોય. જે તેમની હેલ્થ માટે ખૂબ ફાયદાકારક છે. આ વિશે ડફરિન હોસ્પિટલના ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર સલમાનનું કહેવું છે, બાળકોના સારા વિકાસ માટે તેમના ડાયટ પર ખાસ ધ્યાન આપવું જોઈએ. નાની ઉંમરમાં તેમના આહારને ફેન્સી ન રાખો. તમે બાળકો માટે કંઈક બનાવી રહ્યા છો તો એવો આહાર પસંદ કરો, જેમાં પ્રોટીન, આખું અનાજ, શાક, ફળ, દૂધ અથવા દૂધમાંથી બનેલા ખાદ્યપદાર્થ હોય, જેમ કે વેજિટેબલ સેન્ડવિચ, સફરજન, દાડમ, દૂધ આ બધી વસ્તુ બાળકો માટે પૌષ્ટિક હોય છે, તેથી દરેક બાળકના ડાયટમાં તેનું હોવું ખૂબ જરૂરી છે.

બાળકોને એવો ખોરાક આપો, જે પ્રોટીનથી ભરપૂર હોય. આ તેમના પોષણ માટે ખૂબ જરૂરી છે જેમ કે દૂધ, દાળ, ચણા, ઠંડાં, દહીં, મગફળી, પનીર, નોનવેજ ફૂડ, બદામ વગેરે. જો તમારું બાળક ખાવામાં આનાકાની કરે છે તો તમે અનેક રીતે પ્રોટીનની ઊણપ પૂરી કરી શકો છો. તમે બેક્ડ ચિકન, દહીં, સ્વિંગ પનીર અથવા ફ્રેશ શાકની સ્લાઈસ સાથે બાળકો માટે શાનદાર, પૌષ્ટિક અને સ્વાદિષ્ટ સ્નેક્સ બનાવી શકો છો. તેમાં ફિશ ફિંગર પણ એક સારી ચોઈસ છે. ધ્યાન રાખો માછલીના કાંટા પહેલાં જ કાઢી લો, નહીં તો તે બાળકોના ગળામાં ફસાઈ શકે છે.







# ન્યુઝીલેન્ડે બેંગલુરુમાં ઈતિહાસ રચ્યો : પ્રથમ ટેસ્ટ ૮ વિકેટે જીતી

## ન્યૂઝીલેન્ડને જીત માટે ૧૦૭ રનનો સરળ લક્ષ્યાંક મળ્યો હતો, જેને પાંચમા દિવસે લંચ પહેલા ન્યૂઝીલેન્ડે મેળવી લીધો : સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી

। (એજન્સી) બેંગ્લુરુ, તા.૨૦ ।

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ મેચોની ટેસ્ટ સિરીઝની પહેલી ટેસ્ટ બેંગ્લુરુના કે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાઈ. આ મેચમાં ન્યૂઝીલેન્ડે ભારતને ૮ વિકેટથી હરાવીને ઐતિહાસિક જીત હાંસલ કરી. ન્યૂઝીલેન્ડને જીત માટે ૧૦૭ રનનો સરળ લક્ષ્યાંક મળ્યો હતો. જેને પાંચમા દિવસે લંચ પહેલા જ ન્યૂઝીલેન્ડે મેળવી લીધો. આ જીત સાથે ન્યૂઝીલેન્ડે સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. બંને દેશો વચ્ચે બીજી ટેસ્ટ મેચ ૨૪ ઓક્ટોબરથી પૂણેમાં રમાશે.

ન્યૂઝીલેન્ડે ૩૬ વર્ષ બાદ ભારતની ધરતી પર ટેસ્ટ જીત મેળવી છે. આ અગાઉ તેણે નવેમ્બર ૧૯૮૮માં વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ભારતને ૧૩૬ રનથી હરાવ્યું હતું. બધુ મળીને ભારતની ધરતી પર ન્યૂઝીલેન્ડની આ ત્રીજી ટેસ્ટ જીત છે. ન્યૂઝીલેન્ડે ભારતમાં પહેલી ટેસ્ટ જીત વર્ષ ૧૯૬૯માં નાગપુરમાં મળી હતી. ત્યારે તેણે મેજબાન ટીમને ૧૬૭ રનથી હરાવી હતી.

મેચમાં ભારતીય ટીમે પહેલી ઈનિંગમાં નિરાશાજનક પ્રદર્શન કરતા માત્ર ૪૬ રન કર્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે ૪૦૨ રન કર્યા હતા. આ રીતે ન્યૂઝીલેન્ડની ટીમને પહેલી ઈનિંગના આધારે ૩૫૬ રનની લીડ મળી હતી. ત્યારબાદ ભારતીય ટીમે પલટવાર કરતા બીજી ઈનિંગમાં ૪૬૨ રન કર્યા હતા. ન્યૂઝીલેન્ડની ટીમ અત્યાર સુધી ભારતની જમીન પર કોઈ પણ દ્વિપક્ષીય ટેસ્ટ સિરીઝ જીતી શકી નથી. આ વખતે બંને ટીમો વચ્ચે ૧૩મી ટેસ્ટ સિરીઝ રમાઈ રહી છે.

પહેલા દિવસે વરસાદના કારણે મેચ શરૂ થઈ શકી નહતી. ટોસ પણ ન થયો. બીજા દિવસે જ્યારે ટોસ થયો તો ભારતના કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પહેલા બેટિંગ પસંદ કરી અને આ નિર્ણય ખોટો સાબિત થયો. આકાશમાં વાદળ છવાયેલા હતા. ઓવરકાસ્ટ કન્ડીશનમાં ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર્સે કહેર વર્તાવ્યો અને ભારતીય ટીમને ૪૬ રન પર સમેટી દીધી. રોહિતે દિવસના ખેલ બાદ પોતાની ભૂલ સ્વીકારી પણ લીધી. તેમણે કહ્યું કે તેઓ પીચને રીડ કરી શક્યા નહીં.

પહેલી ઈનિંગમાં ન્યૂઝીલેન્ડ તરફથી રમતા રચીન રવિન્દ્રએ ૧૩૪ રન કર્યા.

જ્યારે ટીમ સાઉદીએ પણ ૬૫ રન કરી ટીમ ઈન્ડિયાને ઊંડો ઘા આપ્યો અને ન્યૂઝીલેન્ડની ટીમે ૪૦૨ રન કર્યા. આમ કીવી ટીમને ૩૫૬ રનની મહત્વની લીડ મળી હતી.

બીજી ઈનિંગમાં ભારતે લીડના દબાણમાં ન આવતા મજબૂત શરૂઆત કરી અને યશસ્વી, ૩૫, રોહિત શર્મા ૫૨, વિરાટ કોહલી ૭૦ રન કરીને આઉટ થયા. વિરાટે યુવા સ્ટાર બેટર સરફરાઝ ખાન સાથે મળીને ત્રીજી વિકેટ માટે ૧૩૬ રનની ભાગીદારી કરી. સરફરાઝે વિરાટના આઉટ થયા બાદ પંત સાથે ચોથી વિકેટ માટે ૧૭૭ રન જોડ્યા. જો કે પંત ૯૯ રન પર આઉટ થઈ ગયો. સરફરાઝે ૧૫૦ રન કર્યા. ભારતના પૂંછડિયા બેટ્સમેનોએ બીજી ઈનિંગમાં નિરાશ કર્યા. આમ ભારત બીજી ઈનિંગમાં ૪૬૦ રન કરી ઓલઆઉટ થઈ ગયું અને ન્યૂઝીલેન્ડને જીતવા માટે ૧૦૭ રનનો ટાર્ગેટ મળ્યો.

ન્યૂઝીલેન્ડે જીત માટેના લક્ષ્યાંકનો પીછો કરતા ૨ વિકેટના નુકસાને ૧૧૦ રન કરીને મેચ જીતી લીધી. સિરીઝની બીજી મેચ હવે ૨૪ ઓક્ટોબરથી પુણેમાં રમાશે અને હવેની બંને મેચો જીતવા પર ભારતીય ટીમનું ફોકસ રહેશે.

### ટેસ્ટના બીજા દિવસે જ ટોસ જીતીને પહેલી ભૂલ કરી

## રોહિત શર્માની મોટી ભૂલ હારનું સૌથી મોટું કારણ બની

। (એજન્સી) બેંગલોર, તા.૨૦ ।

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પહેલી ટેસ્ટ મેચમાં ભારે જદ્દોજહેમત બાદ પણ ટીમ ઈન્ડિયાએ સજ્જડ હારનો સામનો કરવો પડ્યો. મેચના બીજા દિવસથી જોઈએ તો હારના સૌથી મોટા ગુનેહગાર કોઈ બીજું નહીં પરંતુ રોહિત શર્મા જોવા મળ્યા. તેમની ૨ મોટી ભૂલ હારનું સૌથી મોટું કારણ બની. બીજી ઈનિંગમાં ટીમની બેટિંગે મેચમાં જીવ રેડી દીધો. પરંતુ રોહિતે સરફરાઝ અને પંતની દમદાર ઈનિંગો પર એક ઝટકે પાણી ફેરવી દીધું.



રોહિત શર્માએ ટેસ્ટના બીજા દિવસે જ ટોસ જીતીને પહેલી ભૂલ કરી નાખી. તેમણે સ્વીકાર્યું કે તેઓ પીચ રીડ કરી શક્યા નહીં અને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લઈ લીધો. પરિણામ બધાની સામે હતું. ટીમ ઈન્ડિયાના ધૂરંધરો કાગળના શેર સાબિત થયા અને આખી ટીમ ૪૬ના સ્કોર પર સમેટાઈ ગઈ. પરંતુ જ્યારે મહેમાન ટીમની ખબર લેવાનો વારો આવ્યો તો રોહિતે વધુ એક મોટી ભૂલ કરી અને મેચ ગુમાવી દીધી. કીવી ટીમે મેચને ૮ વિકેટથી જીતીને સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી લીધી.

ન્યૂઝીલન્ડની ૩૫૬ રનની લીડના જવાબમાં રોહિત એન્ડ કંપનીએ એકબાજુ જ્યાં સૂજબૂજવાળી બેટિંગ કરી, હિટમેને અડધી સદી ફટકારી અને સરફરાઝે ૧૫૦ રન કર્યા જ્યારે પંતે ૯૯ રન કર્યા. આ દમદાર ઈનિંગ્સના કારણે ટીમ ઈન્ડિયાએ ન્યૂઝીલેન્ડ સામે ૧૦૬ રનનો લક્ષ્ય મૂક્યો. બોલિંગ દરમિયાન રોહિતે બુમરાહ, જાડેજા, કુલદીપ, સિરાજનો ઉપયોગ કર્યો. પરંતુ ટીમ ઈન્ડિયાના બ્રહ્માસ્ત્રને ભૂલી ગયા. હિટમેને અશ્વિન તરફ ત્યારે જોયું જ્યારે ન્યૂઝીલેન્ડ જીતના દ્વારે ઊભું હતું. અશ્વિન કોઈ ઓળખાણના મોહતાજ નથી. ભારતની જમીન પર અશ્વિન દમદાર છે. આ દહેશત ન્યૂઝીલેન્ડની ટીમને પણ હતી. પરંતુ રોહિતે બીજી ઈનિંગમાં પોતાના પગ પર કુહાડી મારવાનું કામ કર્યું. ટર્ન મળવા છતાં અશ્વિન તરફ મોડેથી જોયું. તેમના આ નિર્ણયના વિરોધમાં કોમેન્ટેટર્સ પણ જોવા મળ્યા. બીજી બાજુ ન્યૂઝીલેન્ડે ટીમ ઈન્ડિયાને ઘર આંગણે હરાવીને ૩૬ વર્ષ બાદ ઐતિહાસિક જીત મેળવી. મેચનો હીરો રચિન રવિન્દ્ર રહ્યો.

## RSSના કાર્યક્રમમાં ચાકુબાજી-દંડાવાળી કરનારા હુમલાખોરોના ઘર પર તંત્રની બુલડોઝરવાળી

। (એજન્સી) જયપુર, તા.૨૦ ।

જયપુરમાં શરદ પૂર્ણિના દિવસે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યક્રમમાં ચાકુ અને દંડાથી હુમલો કરનારા બદમાશોની મુશ્કેલીમાં વધારો થયો છે. જયપુર ડેવલપમેન્ટ ઓથોરિટીએ ખીર વિતરણ કાર્યક્રમ દરમિયાન હુમલો કરનારા નસીબ ચૌધરી સામે આકરી કાર્યવાહી કરી છે. ઓથોરિટીએ તેના ગેરકાયદે બાંધકામ પર બુલડોઝરવાળી કરી છે. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. ચાકુબાજી કેસમાં નસીબ ચૌધરી અને તેનો પુત્ર ભીષ્મ ચૌધરી આરોપી છે. ઓથોરિટીએ શનિવારે નસીબ ચૌધરીને દબાણ હટાવવા માટે નોટીસ ફટકારી હતી. તેણે તેના મકાન પાસેની મંદિરની જમીન પર ગેરકા.યદે એક રૂમનું બાંધકામ કર્યું હતું. ઓથોરિટીની ટીમ બુલડોઝર સાથે આજે સવારે અતિક્રમણ સ્થળે પહોંચી હતી. જ્યાં મંદિરને અડીને બાંધકામ કરાયેલા ગેરકાયદે રૂમને તોડી પાડવામાં આવ્યો હતો. ઓથોરિટીના અધિકારીઓએ કે, નોટિસ આપ્યા બાદ ચૌધરી દ્વારા કોઈપણ જવાબ અપાયો નથી, જેના કારણે અમે દબાણ હટાવવા માટે આ કાર્યવાહી કરી છે.

### અમેરિકાની બજેટ ખાધ ૧.૮ ટ્રિલિયન ડોલરની રેકોર્ડ ટોચે

## અમેરિકાની બજેટ ખાધ વધીને ૧.૮૩૩ ટ્રિલિયન ડોલર થઈ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે અમેરિકાની બજેટ ખાધ વધીને ૧.૮૩૩ ટ્રિલિયન ડોલર છે, જે કોરોના મહામારી બાદની સૌથી વધુ છે. દેશના દેવા પર વ્યાજની ચૂકવણી જ ૧ ટ્રિલિયન ડોલર કરતા વધુ થતા કુલ બજેટ ખાધમાં રેકોર્ડ વધારો થયો છે. આ સિવાય સામાજિક સુરક્ષા રિટાયરમેન્ટ કાર્યક્રમ, હેલ્થકેર અને સૈન્ય માટે ખર્ચમાં વધારો થતા બેલેન્સશીટ પર દબાણ વધ્યું હતુ.

યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના રિપોર્ટ અનુસાર ૩૦ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા વર્ષ માટેની ખાધ નાણાકીય વર્ષ ૨૦૨૩માં નોંધાયેલ ૧.૬૯૫ ટ્રિલિયન ડોલરથી ૮ ટકા અથવા ૧૩૮ અબજ ડોલર વધુ રહી છે. બજેટ ખાધનો આ આંકડો અમેરિકાના ઈતિહાસની ત્રીજી સૌથી મોટી ફેડરલ ખાધ હતી. સૌથી વધુ ખાધ કોરોના મહામારી સમયે રાહત કાર્યને કારણે ૨૦૨૦માં ૩.૧૩૨ ટ્રિલિયન ડોલર અને ૨૦૨૧ના નાણાંકીય વર્ષમાં ૨.૭૭૨ ટ્રિલિયન ડોલર રહી હતી.

જોકે આ વર્ષની બજેટ ખાધમાં ૩૩૦ અબજ ડોલરનો ઘટાડો આવ્યો છે કારણકે યુએસ સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ જો બિડેનના વિદ્યાર્થી લોન પ્રોગ્રામ સાથે સંકળાયેલા ૩૩૦ અબજ ડોલરના ખર્ચને અટકાવી દીધો છે. અન્યથા આ વર્ષે ખાધ ૨ ટ્રિલિયન ડોલરની ટોચે પહોંચી હોત.

ચોંકાવનારી વાત એ છે કે ભારતમાં બજેટ ખાધ જો જીડીપીના અમુક બેસિસ પોઈન્ટ વધે-ઘટે તો દેશ પર રેટિંગનું જોખમ રહેલું હોય છે ત્યાં બજેટ ખાધ વિશ્વના સૌથી મોટા અર્થતંત્રની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટના ૬.૪ ટકા સુધી પહોંચી ગઈ છે. એક વર્ષ બજેટ ગેપ દેશની જીડીપીના ૬.૨ ટકા હતું.

ઉંચા વ્યાજદરો અને ફાઈનાન્સ માટે વધુ દેવાના સંયોજનને કારણે ટ્રેઝરી ડેટ માટેના વ્યાજ ખર્ચમાં ૨૯ ટકાનો બમ્પર વધારો થયો છે અને તે ૧.૧૩૩ ટ્રિલિયન ડોલર થઈ છે. જોકે અમેરિકાના અધિકારીઓનો દાવો છે કે જીડીપીના હિસ્સા તરીકે વ્યાજ ખર્ચ હજી ૩.૯૩ ટકા પર પહોંચ્યો છે, જે ૧૯૯૧ના ૪.૬૯ ટકાના રેકોર્ડથી નીચે છે પરંતુ ડિસેમ્બર ૧૯૯૮ના ૪.૦૧ ટકા બાદની સૌથી વધુ ટકાવારી છે.

### આગામી જાન્યુઆરી મહિના સુધી કાતિલ ઠંડી પડશે

## આ વર્ષે વાતાવરણમાં થયેલી મોટી ઉથલ પાથલને કારણે ઠંડી વહેલી આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

છેલ્લા ત્રણ દિવસથી દિલ્હીમાં ઠંડીની વધતી જતી ગતિ પર બ્રેક લાગી છે અને તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. શુક્રવારે રાજધાની દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધારે છે. જો કે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૨૫ ઓક્ટોબરથી તાપ માનમાં ઘટાડો શરૂ થશે અને ઠંડીની અસર વધવા લાગશે.

તાપમાનમાં ઘટાડો થવાનો ટ્રેન્ડ ૨૪ ઓક્ટોબરથી શરૂ થશે અને ૨૫ ઓક્ટોબર પછી લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે જઈ શકે છે. સ્કાયમેટના જણાવ્યા અનુસાર ઓક્ટોબરના અંતમાં સૌથી નીચું તાપમાન નોંધાયું છે અને આ વર્ષે પણ તે જ રહેવાની અપેક્ષા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસોથી ઉત્તર-પશ્ચિમ તરફથી આવતા ઠંડા પવનો રાજધાનીમાં પહોંચી રહ્યા નથી, જેના કારણે ઠંડીની અસર ઘટી છે. આગામી સપ્તાહમાં પણ આ જ સ્થિતિ જળવાઈ રહે તેવી શક્યતા છે. પરંતુ ૨૩ ઓક્ટોબરે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની ધારણા છે, જેના કારણે ઠંડીમાં વધારો થઈ શકે છે. ૨૫ ઓક્ટોબર બાદ ઠંડીની અસર વધતાં તાપમાનમાં ઝડપથી ઘટાડો થવાની ધારણા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ઓક્ટોબર મહિનાને ’સાયક્લોનનો મહિનો’ કહેવામાં આવે છે. બંગાળની ખાડીમાં આવી ગતિવિધિઓ થતી જોવા મળે છે. ૨૨ થી ૨૩ ઓક્ટોબરની વચ્ચે ખતરનાક દરિયાઈ ગતિવિધિઓ જોવા મળશે, જેના કારણે આંધ્ર પ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાના ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે. તેમણે એમ પણ કહ્યું કે ઓરિસ્સામાં ૨૩ થી ૨૫ ઓક્ટોબર વચ્ચે ભારે વરસાદની સંભાવના છે. આંધ્ર પ્રદેશે છેલ્લાં પાંચ દાયકાઓમાં ચક્રવાતથી મોટી વિનાશનો સામનો કર્યો છે, જેમાં આશ્ચર્યજનક કુલ ૬૦ હિટ નોંધાઈ છે, જેમાંથી ૪૦ ‘ખૂબ ગંભીર’ છે. એપી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ડેટા અનુસાર, આમાંથી ૨૪ ચક્રવાતી પ્રવૃત્તિ સપ્ટેમ્બર અને ડિસેમ્બર મહિનાની વચ્ચે થઈ હતી. આ ચક્રવાતની અસર વિનાશક રહી છે, જેમાં કુલ ૧૪૭ માનવ જીવ ગયા છે. ઓક્ટોબરનું ચક્રવાત પણ ગંભીર રહ્યું છે. ૨૦૧૮માં આવેલા ‘ખૂબ જ ગંભીર ચક્રવાતી તોફાન’ TITLIએ આઠ જિલ્લાઓને અસર કરી હતી. ૨૦૧૪માં ચક્રવાત હુડ હુડને કારણે ચાર જિલ્લાઓને અસર થઈ હતી અને લગભગ ૯૨.૭૮ લાખ લોકોને ગંભીર અસર થઈ હતી. તેના કારણે ૬૩ લોકોના મોત થયા હતા. અન્ય ચક્રવાતી ઘટનાઓમાં ૨૦૧૩માં ફેલિન ચક્રવાત અને ૨૦૦૬માં ઓગ્નીનો સમાવેશ થાય છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી પણ ચોંકાવનારી છે. તેમણે કહ્યું છે કે, ૨૨ થી ૨૪ ઓક્ટોબર બંગાળના ઉપસાગરમાં ભારે વાવાઝોડું ફૂંકાશે. ઉત્તરીય પર્વતિય વિસ્તારોમાં પશ્ચિમી વિક્ષેપ આવશે જેના કારણે બરફ પડશે અને ઠંડી વધશે. આ બાદ ૨૯-૩૦ ઓક્ટોબરના સમયે પશ્ચિમી વિક્ષેપ આવશે. દિવાળીના તહેવારોમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે. ૧ થી ૭ નવેમ્બર વાતાવરણ વાદળછાયું રહેશે.

## ભાજપ નેતાના દીકરાએ કર્યા ઓનલાઈન લગ્ન

। (એજન્સી) જૌનપુર, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લામાં એક અનોખા લગ્ન થયાં. અહીં ભાજપ નેતાના દીકરાએ પાકિસ્તાની યુવતી સાથે ઓનલાઈન નિકાહ કર્યાં. હકીકતમાં જૌનપુરમાં ભાજપ પાર્ષદ તહસીન શાહિદે પોતાના મોટા દીકરાના લગ્ન લાહોરમાં નક્કી કર્યા હતાં, પરંતુ વીઝા મળી ન હતાં શક્યાં. તેથી બંનેએ ઓનલાઈન નિકાહ કરી લીધાં.

જૌનપુર નગર નિગમના ભાજપ કોર્પોરેટર તહસીલન શાહિદે પોતાના મોટા દીકરા મોહમ્મદ અબ્બાસ હૈદરના લગ્ન પાકિસ્તાનમાં નક્કી કર્યાં હતાં. યુવતીનું નામ અંદલીપ ઝહરા છે અને તે લાહોરની રહેવાસી છે. મોહમ્મદ અબ્બાસે વીઝા માટે અરજી કરી હતી, પંરતુ બંને દેશોની વચ્ચે ચાલી રહેલાં રાજકીય તણાવના કારણે દુલ્હાને વીઝા મળી નહતાં શક્યાં.

આ દરમિયાન દુલ્હનની માતા રાણા યાસ્મીન જૈદી બીમાર પડી ગઈ અને તેણે પાકિસ્તાનમાં જ આઈસીયુમાં ભરતી કરવામાં આવી. તેમનું સ્વાસ્થ્ય વધારે બગડી રહ્યું હતું અને આ પરિસ્થિતિં જોતાં શાહિદે ઓનલાઈન નિકાહ કરવાનો નિર્ણય લીધો.

શુક્રવારની રાતે શાહિદ ‘બારાતીઓ’ સાથે એક ઈમામવાડામાં એકઠો થયો અને ઓનલાઈન નિકાહમાં ભાગ લીધો. દુલ્હનના પરિવારે લાહોરથી સમારોહમાં ભાગ લીધો. શિયા ધાર્મિક નેતા મૌલાના મહેફૂઝુલ હસન ખાને જણાવ્યું કે, ઈસ્લામમાં નિકાહ માટે મહિલાની સંમતિ જરૂરી છે અને તે તેને મૌલાનાને જણાવે છે. ઓનલાઈન નિકાહ ત્યારે સંભવ છે, જ્યારે બંને પક્ષના મૌલાના એક સાથે સમારોહ આયોજીત કરી શકે.


હૈદરે આશા વ્યક્ત કરી છે કે, તેની પત્નીને કોઈ પરેશાની વિના ભારતીય વિઝા મળી જશે. ભાજપ કોર્પોરેટરના દીકરાના લગ્નમાં એમએલસી બ્રિજેશ સિંહ પ્રિશૂ અને અન્ય નેતા પણ સામેલ થયાં હતાં.

### પોલીસ સ્ટેશનનો ઘેરાવો । શિવ મંદિરમાં કેટલાક લોકોએ તોડફોડ કરી છે અને મંદિરમાં ભગવાનની છ પ્રતિમાને ખંડિત કરવામાં આવી

## બિહારમાં મંદિરમાં તોડફોડ મુદ્દે હોબાળો, છ મૂર્તિઓ ખંડિત કરાતા ટોળું વિફર્યું

। (એજન્સી) પટણા, તા.૨૦ ।

બિહારના ભાગલપુરમાં મંદિરમાં તોડફોડ મુદ્દે મામલો ઉગ્ર બન્યો છે. બદમાશોએ મંદિરમાં રામ-સીતા, રાધા-કૃષ્ણ સહિત છ મૂર્તિ ખંડિત કરતા લોકો રોષે ભરાયા છે. આ ઘટના સામે આવ્યા બાદ મોટી સંખ્યામાં લોકોએ પોલીસ સ્ટેશન પહોંચી ભારે હોબાળો મચાવી રહ્યા છે. મળતા અહેવાલો મુજબ ભાગલપુરના સ્નહૌલામાં આવેલા શિવ મંદિરમાં કેટલાક લોકોએ તોડફોડ કરી છે અને મંદિરમાં



ભગવાનની છ પ્રતિમાઓને ખંડિત કરવામાં આવી છે. આ ઘટના બાદ રોષે ભરાયેલા ટોળાએ પોલીસ સ્ટેશન પહોંચી હોબાળો કર્યો છે, જેના કારણે તંત્રએ વિસ્તારમાં શાંતિ જાળવવા માટે પોલીસનો કાફલો ખડકી દીધો છે. ટોળાએ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરીને આરોપીઓની તુરંત ધરપકડ કરવાની માંગ કરી છે. મીડિયા રિપોર્ટ મુજબ સન્હોલા વિસ્તારમાં આવેલા શિવ મંદિરમાં ભગવાન રામ, માતા સીતા, રામ દરબાર, રાધા-કૃષ્ણ અને માતા દુર્ગાની મૂર્તિને તોડવામાં આવી છે. સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો છે કે, આ ઘટના પાછળ બિન હિન્દુ અસામાજિક તત્વોનો હાથ છે. મંદિરમાં તોડફોડની વાત આખા વિસ્તારમાં વાયુવેગે ફેલાતા લોકો લાકડી અને ડંડા સાથે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. મંદિરમાં મૂર્તિઓ તોડવા મામલે ભડકેલા લોકોએ સન્હોલાથી ઝારખંડ તરફ જતો મુખ્ય રસ્તો બ્લોક કરી દીધો છે. પોલીસ સ્ટેશન પાસે પહોંચેલું ટોળું ન્યાયની માંગ કરી રહ્યું છે. લોકોનું કહેવું છે કે, અસામાજિક તત્વોએ જાણીજોઈને હિન્દુઓની ભવનાને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે, તેથી તેમની તુરંત ધરપકડ કરવી જોઈએ. મળતા અહેવાલો મુજબ મંદિરમાં તોડફોડ મુદ્દે આગની જેમ ફેલાયા બાદ લોકો એકઠા થઈ રહ્યા છે. લોકોનું કહેવું છે કે, જ્યાં સુધી બદમાશોની ધરપકડ કરવામાં ન આવે, ત્યાં સુધી લોકો ધરણા-પ્રદર્શન કરતા રહેશે. પોલીસે પણ લોકોનો રોષ જોષી સ્પેશલ ફોર્સ સહિત આસપાસના અનેક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને તહેનાત કરી દીધા છે. પોલીસ પણ લોકોને સમજાવવાનો પ્રયાસ કરી રહી છે, જોકે લોકો પોતાની જિદ પર અડેલા છે. બીજીતરફ સન્હૌલા પોલીસે મૂર્તિ તોડનારા બદમાશોની ધરપકડ કર્યા બાદ લોકોનો ગુસ્સો શાંત થયો છે. જોકે હજુ પણ સ્થિતિ સામાન્ય ન દેખાતા પોલીસ કાફલો તહેનાત રાખવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત પોલીસે વિસ્તારમાં શાંતિ જાળવવા માટે શાંતિ સમિતિ સાથે બેઠક યોજવાનો દોર શરૂ કરી દીધો છે.



નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) ગાંધીનગર ખાતે "ENSURING ROAD SAFETY THROUGH MOTOR VEHICLE LAWS" વિષય પર રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ યોજાઈ હતી.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં ફરી રસ્તા પર મહાકાય મગર આવી ચઢ્યો

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરામાં અવારનવાર મગર રહેણાંક વિસ્તારોમાં તેમજ જાહેર માર્ગો પર આવી ચઢે છે. જેના કારણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ રહે છે. આ દરમિયાન શનિવારે થયેલા ભારે વરસાદ વચ્ચે ભાયલી સ્ટેશન નજીક ૧૧ ફૂટનો મહાકાય મગર મુખ્ય માર્ગ પર આવી ચઢ્યો હતો. આ અંગે સ્થાનિકો દ્વારા પ્રાણી જીવરક્ષક સંસ્થાને જાણ કરી હતી. જેમણે ભારે જહેમત બાદ આ મગરનું રેસ્ક્યુ કર્યું હતું. મળતી માહિતી અનુસાર, વડોદરાના ભાયલી સ્ટેશન નજીક શનિવારે મોડી રાતે ભારે વરસાદ વચ્ચે મુખ્ય માર્ગ પર એક મહાકાય ૧૧ ફૂટ લાંબો મગર આવી ચઢ્યો હતો. વાહન ચાલકો અને રાહદારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ મગર અંગે સ્થાનિકો દ્વારા પ્રાણી જીવરક્ષક સંસ્થાને જાણ કરી હતી. આ સંસ્થાની ટીમ ઘટના સ્થળે પહોંચીને ૫૦૦ કિલો વજન ધરાવતા મહાકાય મગરની રેસ્ક્યુની કામગીરી હાથ ધરી હતી.

### જામજોધપુર પંથકમાં ડૂબી જવાથી બે યુવાનોના મૃત્યુ

। (એજન્સી) જામજોધપુર, તા.૨૦ ।

જામનગર જિલ્લાના જામજોધ પુર તાલુકામાં ડૂબી જવાથી બે યુવાનના મોત નિપજયા છે. જેમાં ગીંગણી તેમજ ખોડિયાર મંદિર પાછળ ચેકડેમમાં ડૂબી જવાથી બે યુવાનના મોત નિપજયાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. આ બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહોને બહાર કાઢી પોલીસને સુપ્રત કર્યા હતા. પ્રથમ બનાવમાં બગોદરા જિલ્લાના બાસવાડા ગામનો વતની અને હાલ ગીંગણી ગામે ધીરૂભાઈ ફળદુના ડેલામાં રહેતો અને ખેતમજૂરી કામ કરતો રાજેશ ભૈરાભાઈ ડોડિયા નામનો ૧૯ વર્ષીય કોળી યુવાન મજૂરીકામ પૂર્ણ કરીને વેણુ નદીના પુલ પાસે પાણીમાં ન્હાવા પડયો હતો. જેમાં વહેતા પાણીમાં અકસ્માતે ડૂબી જતાં તેમનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ મનોહર ભૈરાભાઈ ડોડિયાએ પોલીસને જાણ કરતાં ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### દિવાળી પહેલાં પરપ્રાંતિયો વતન જવા રવાના થયા

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતમાં દિવાળી પહેલાં પરપ્રાંતિયો વતન જવા રવાના થઈ રહ્યા છે. ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. દિવાળી અને છઠપૂજાના પર્વને લઈ યુપી, બિહાર મુસાફરો જઈ રહ્યા છે.રેલવે વિભાગ દ્વારા પ્લેટફોર્મ પર મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ સહિત રેલવે અધિકારીઓને તૈનાત કરાયા છે. મુસાફરોની એક લાઈન બનાવી વારાફરતી રેલ્વે બોગીઓમાં બેસાડવામાં આવી રહ્યું છે. રેલ્વે વિભાગ દિવાળી અને છઠપૂજાના પર્વને લઈ ૮૫ વધુ ટ્રેનો દોડાવી રહી છે. આ ટ્રેનો ૧૩૮૦ યુપી, બિહારનાં ફેરા મારશે. મુસાફરનો ઘસારો ઉમટી પડતાં રેલ્વે મુસાફરોને હાલાકી પડી રહી છે.

### ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોનો પાક પલળ્યો

# રાજકોટમાં તૂટી પડ્યો વરસાદ, અનેક વિસ્તારમાં પાણી ભરાયા

## શહેરના રાજમાર્ગો પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજકોટમાં બપોર બાદ ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. રાજકોટ શહેરની સાથે જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના કારણે રાજકોટના અનેક વિસ્તારમાં પાણી ભરાયા. શહેરના રાજમાર્ગો પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ૧૫૦ ફૂટ રિંગ રોડ, એઅ.જી ચોક, કાલાવડ રોડ, પુષ્કરધામ રોડ પાણી પાણી થયા. તો રિંગ રોડ અને યાજ્ઞિક રોડ પર સૌથી વધુ પાણી ભરાયા. તો સૌથી વ્યસ્ત રહેતા માધાપર ચોકડથી ગોંડલ ચોકડી સુધીનો રોડ પર પાણી ભરાતા વાહનચાલકો પરેશાન થયા હતા. રાજકોટમાં અનેક રજૂઆત છતાં વર્ષોની સમસ્યાનો કોઈ હલ નથી આવ્યો. દર વર્ષે જ્યાં પાણી ભરાય છે તે જગ્યાએ હજુ આજે પણ નજીવા વરસાદમાં પાણી ભરાય છે. કોર્પોરેશનના વાયદા પોકળ સાબિત થયા છે. વરસાદ જતા જતા પણ રાજકોટ મહાનગરપાલિકાની પોલ ખોલતો ગયો. અનેક રોડ પર એકથી દોઢ ફૂટ સુધી પાણી ભરાયેલા જોવા મળ્યા હતા.




અચાનક તૂટી પડેલા વરસાદથી વેપારીઓ અને સ્થાનિકોને હાલાકી પડી. એક તરફ રવિવાર હોવાથી લોકો દિવાળીની ખરીદી કરવા નીકળ્યા હતા, પરંતુ વરસાદને કારણે લોકો ફસાઈ ગયા. બીજી તરફ વરસાદને કારણે વેપારીઓના ધંધા રોજગારને પણ અસર પડી હતી. શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ નોંધાયો, જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. પાછોતરા વરસાદના કારણે મગફળી, સોયાબીન સહિતના અનેક પાકને નુકસાન થયું છે. જિલ્લાના લોધિકા પડધરી, ગોંડલ સહિતના પંથકના ખેડૂતોનો પાક પલળી જતા તેમના માટે વરસાદ વેરી બન્યો છે.

### ઈકો ઝોન મામલે આકરા પાણીએ આપ નેતા કરશન બાપુ

# ગીર જંગલના બોર્ડરના ગામોમાં ઈકોઝોનના કાયદા વિરૂદ્ધ જન આક્રોશ

## ઈકો ઝોન નાબૂદ નહીં થાય તો દેહ ત્યાગ કરીશ : આપ નેતા

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૦ ।

ઈકો ઝોનનો વિરોધ હવે સરકાર માટે મોટી સમસ્યા બની રહ્યો છે. આવામાં ગીર સોમનાથ કરશન બાપુએ દેહત્યાગ કરવાની ચીમકી ઉચ્ચારી છે. તેમણે કહ્યું કે, સરકાર ઈકો ઝોન સંપૂર્ણ નાબૂદ કરે નહિતર હું દેહ ત્યાગ કરીશ. ટૂંક સમયમાં હું સમય અને સ્થળ જાહેર કરીશ. જો ઈકો ઝોન સંપૂર્ણ દફનાવો નહિતર હું દેહ ત્યાગ કરીશ. આમ, ગત રોજ ગીરગઢડા ખાતે મળેલા સમેલન દરમ્યાન કરશન બાપુએ આક્રમક ભાષણ કર્યું હતું. આમ આદમી પાર્ટીના નેતા કરશન બાપુએ ઈકો સેન્સિટિવ ઝોન પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે ચીમકી આપી છે કે કે, જો સરકાર ઈકો ઝોન સંપૂર્ણ નાબૂદ નહીં કરે તો હું દેહત્યાગ કરીશ. તેમણે એવું પણ કહ્યું કે, ટૂંક સમયમાં હું સમય અને સ્થળ જાહેર કરીશ. ગીર સોમનાથના ગીર ગઢડા ખાતે એક સંમેલન મળ્યું હતું, જેમાં આ નિવેદન આપવામાં આવ્યું છે. મહત્વનું છે કે, જ્યારથી ઈકો સેન્સિટિવ ઝોન વધુ વિસ્તારમાં લાગૂ કરવાનો નિર્ણય થયો છે ત્યારથી તેનો વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. ખેડૂતો પણ ઈકો ઝોનનો સતત વિરોધ કરી રહ્યા છે. એવામાં આમ આદમી પાર્ટીના નેતાનું આ નિવેદન સામે આવ્યું છે. ગીર જંગલના બોર્ડરના ગામોમાં ઈકો ઝોનના કાયદા વિરૂદ્ધ જન આક્રોશ થમી નથી રહ્યો. નવરાત્રી પર ગીરના ગામે ગામ ઈકોઝોન વિરોધના ગરબા હોય કે પછી દશેરા પર ઈકોઝોનના પૂતળાનું દહન ગીરના ખેડૂતો દરેક મોરચે એક થઈને ઈકો ઝોનના કાયદાનો વિરોધ કરી રહ્યા છે. ખેડૂત આગેવાનો પોતાના પક્ષની લાઈન છોડીને પણ પોતાના ખેતીની રક્ષા માટે ખુલીને ઈકો ઝોનનો વિરોધ કરી રહ્યા છે. ત્યારે ભાજપ સમર્થિત તાલાળા મેંગો માર્કેટિંગ યાર્ડ દ્વારા પણ આ કાયદાનો વિરોધ કરવા ઠરાવ કરાયો છે. તાલાલા Apmc ના તમામ ૧૬ સભ્યોની સહમતીથી ઠરાવ મંજૂર કરાયો છે કે ઈકોઝોનનો કાયદો ન લાવવા અને જાહેરનામાને રદ કરવા ઠરાવ તેઓ સરકાર અને કૃષિ વિભાગ સુધી લડત કરશે.

# ૧૧માં ધોરણના વિદ્યાર્થીએ શિક્ષકના દબાણથી કર્યો આપઘાત

। રાજકોટ, તા.૨૦ ।

રાજકોટના મોટાવડા ગામની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ૩ શિક્ષકોની ધમકીથી ડરી જઈ સ્યુસાઈડ નોટ લખી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બની છે. જેના બાદ આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની ટીમ શાળા ખાતે તપાસ માટે પહોંચી હતી અને સરપંચ સહિતના ગ્રામજનો પણ ત્યાં પહોંચ્યા હતા. શિક્ષિકા મોસમી શાહ, શિક્ષક સચિન વ્યાસ અને જ્ઞાન સહાયક વિભૂતિબેન દ્વારા આપવામાં આવેલી ધમકીના પગલે વિદ્યાર્થીએ આપ ઘાત કરી લીધો હતો. જે મામલે વિદ્યાર્થીના પરિવારજનો દ્વારા શિક્ષકોને સસ્પેન્ડ કરવાની સાથે ૧૦ વર્ષની સજાની માંગ કરવામાં આવી છે. તપાસ અધિકારીના જણાવ્યા પ્રમાણે પ્રાથમિક દષ્ટિએ થયેલી તપાસમાં કોઈ કારણ સામે આવ્યું નથી.

આપઘાત કરી જીવન ટૂંકાવી લેતા ધોરણ ૧૧ ના વિદ્યાર્થી ધ્રુવિલ વરુના કાકા રમેશભાઈ વરુએ જણાવ્યું હતું કે, મારો ભત્રીજો ધ્રુવિલ ૧૨:૩૦ વાગ્યે મોટા વડા સ્કૂલેથી છાપરા ગામે ઘરે આવ્યો અને ઘરે કોઈ હતું નહીં. જેથી તેને સ્યુસાઈડ નોટ લખી અને પછી વીડિયો ઉતાર્યો અને પછી તુરંત જ આપઘાત કરી લીધો. પિતાનો એકના એક સંતાને આપઘાત કરી લીધો છે. જેથી અમને ન્યાય મળવો જોઈએ અન્ય કોઈ વિદ્યાર્થી સાથે આ પ્રકારની ઘટના ન બને તેવી અમારી માંગણી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગઈકાલે ૧૧:૩૦ વાગ્યે શાળાએથી છૂટી ગયા બાદ વિદ્યાર્થીને ફરી શાળામાં બોલાવવામાં આવ્યો અને શિક્ષકો દ્વારા ધમકાવવામાં આવ્યો કે તને સજા પડશે અને પોલીસવાળા ઉપાડી જશે. જેથી ધ્રુવિલ ગભરાઈ ગયો હતો. ૨ શિક્ષિકા અને ૧ શિક્ષક દ્વારા ધમકી આપવામાં આવી હતી. પુત્રના આપઘાતથી ગઈકાલથી પૂરો પરિવાર સૂતો નથી. મારો ભત્રીજો સ્કૂલનો મોનિટર હતો અને ભણવામાં ખૂબ હોશિયાર હતો. ત્રણેય શિક્ષકોને સસ્પેન્ડ કરી દેવા જોઈએ અને ૧૦ વર્ષની સજા થવી જોઈએ અને ફરી નોકરી ન મળવી જોઈએ તેવી અમારી માંગણી છે. હું ખેતીકામ કરું છું અને ધ્રુવીલના માતા-પિતા અભણ છે અને ઢોર ચરાવવાનું કામ કરે છે. મારો ભત્રીજો સ્કૂલેથી ઘરે આવવા માટે બસમાં બેઠો ત્યારે તેણે તેના મિત્રોને વાત કરી હતી કે મને મજા નથી આવતી. ધોરણ ૧૦ માં ૭૦% થી વધુ માર્ક્સ આવ્યા હતા અને પરીક્ષામાં ચોરી કરતો હોય તો વિદ્યાર્થીને મૌખિક જ્યારે પૂછવામાં આવ્યું તો ત્યારે બધું આવડી ગયું હતું. જ્યારે તપાસ અધિકારી અલ્પાબેન જોટાંગિયાએ જણાવ્યું હતું કે, હાલ સરપંચ સહિતના તમામના નિવેદન લેવામાં આવ્યા છે પ્રાથમિક દ્રષ્ટિએ થયેલી તપાસમાં વિદ્યાર્થીને આપઘાતનું કોઈ કારણ સામે આવ્યું નથી અહીં ચાર શિક્ષકો અભ્યાસ કરાવતા હતા અને ૧૭૨ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.

# અમરેલી જિલ્લામાં પાછોતરા ખાબકેલા વરસાદનો કહેર

। (પ્રતિનિધી) અમરેલી, તા.૨૦ ।

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારેથી હળવા વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે અમરેલી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો. જેને લઈને અનેક વિસ્તારોમાં પાણી ભરાયા અને ખેડૂતોના પાકને પણ ભારે નુકસાન થયું હોવાના દ્રશ્યો સામે આવ્યાં છે. જેમાં ખેડૂતોના મગફળી, કપાસ, સોયાબીન સહિતના પાકને ભારે નુકસાન થતા ખેડૂતોની ચિંતા વધી.

અમરેલી પંથકના બાબાપુર, સરંભડા, ગાવડકા, થોરડી સહિતના ગામોમાં મુશળધાર વરસાદ ખાબક્યો. વિજળીના કડાકા ભડાકા અને પવન સાથે વરસાદ તૂટી પડતાં ખેડૂતો મુંઝાયા. જ્યારે બગસરા પંથકમાં ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોના મગફળી સહિતના પાકો પાણીના પ્રવાહમાં તણાયા. બગસરા પંથકમાં ભારે વરસાદને પગલે ખેડૂતોના ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ખાંભા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મુશળધાર વરસાદ ખાબકતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. જેમાં ખાંભાના ઉપરવાસના પીપળવા, ગીદરડી, ઉમરીયા, લાસા, ભાણીયા સહિત ગામોમાં ધોધમાર વરસાદ. ખાંભા ગીરના મોટા સરાકડીયા રાયડી, નેસડી હનુમાનપુર, તાલડા સહિત ગામોમાં સવારથી ધોધમાર વરસાદ ખાબક્યો. ભારે વરસાદને પગલે ખેડૂતોના મગફળી, સોયાબીન, તલના પાકને મોટાપાયે નુકાસન થયું. લીલીયા સહિત આસપાસના વિસ્તારોમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ વરસ્યો. આજે બપોર પછી અચાનક વાતાવરણમાં પલટો આવતા અસહ્ય બફારા વચ્ચે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી. લીલીયા પંથક ભારે વરસાદને પગલે ખેડૂતોમાં ચિંતામાં મુકાયા છે. જેમાં ખેડૂતોના મગફળી, સોયાબીન, કપાસ, કઠોળ સહિતના પાકોને નુકશાન પહોંચ્યું.

# પોરબંદરનો કુખ્યાત ગેંગસ્ટર ભીમા દુલા ઓડેદરા જામીન પર મુક્ત

। પોરબંદર, તા.૨૦ ।

પોરબંદરના કુખ્યાત ગેંગસ્ટર ભીમા દુલા આડેદરા સહિત ચાર શખસોની પોલીસે મારામારીના કેસમાં ધરપકડ કરી હતી. શુક્રવારે વહેલી સવારે દરોડા પાડી આરોપીઓ સાથે મોટા પ્રમાણમાં ધોકા, તલવાર, ભાલા, લાકડી, રાયફલ, પિસ્તોલ સહિત ૭૦થી વધુ જીવલેણ હથિયારો અને ૯૧ લાખ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. આજે આ કુખ્યાત આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં પોલીસે તેના રિમાન્ડ માગ્યા હતાં, પરંતુ કોર્ટ દ્વારા રિમાન્ડ નામંજૂર કરવામાં આવ્યા હતા. જ્યાર ભીમા દુલાના વકીલે કરેલી જામની અરજી પર સૂનાવણી કરવામાં આવી હતી. જેમાં ભીમા દૂલાને ૨૦ હજારના બોન્ડ પર જામીન આપી મુક્ત કરવામાં આવ્યો છે.

ગુરૂવારે (૧૭ ઓક્ટોબર) પોલીસે બે આરોપી જયપાલ અને વનરાજ ઓડેદરાની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોતાના ગુનાની કબૂલાત કરી હતી. જે અનુસાર, કથિત રીતે બોરિચા ગામના ભીમા દુલાના કહેવાથી ગુનાને અંજામ આપ્યો હતો.

ભીમા દુલાના ઘરે ૧૪ વર્ષથી કામ કરતા રામનાથ મેઘનાથી અને ફરિયાદી દાના પુના અને તેના સંબંધીઓ સાથે ત્રણેક મહિના પહેલા મોટર સાયકલ ઓવરટેક કરવા બાબતે માથાકૂટ થઈ હતી. જે ઘટનાની જાણ રામનાથે ભીમા દુલાને કરતા તેમણે બે જેટલી ગાડીઓ લઈને બોરિચા ગામમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે ફરિયાદીના કુટુંબીજનોને ધાકધમકી આપી હતી.

આમ, છેલ્લા બે મહિનાથી ભીમા દુલાને બોરિચા ગામના રબારી પરિવાર સાથે માથાકુટ ચાલતી હતી. જેને લઈને આજથી ૨૦ દિવસ પહેલા તેને ત્યાં કામ કરતા જયપાલ, મશરી લખમણ, વનરાજ ઓડેદરાને સૂચના આપી હતી કે ફરિયાદી દાના પુના પર ધ્યાન રાખો અને મોકો મળે એટલે તેને મારવાનો છે. ત્યારે ગત ૨૪ તારીખે દાના પુના ઢોર ચરાવવા સીમ વિસ્તારમાં ગયા હતા. તે દરમિયાન આ શખસોએ ધસી જઈને કોદાળીથી ફરિયાદી પર હુમલો કર્યો હતો. જેને લઈને ફરિયાદીને ફેક્ચર થયું હતું.

શરૂઆતમાં આ ગુનામાં અજાણ્યા શખસો હતા. પરંતુ સીસીટીવી ફૂટેજ અને ખાનગી બાતમીદારોની મદદથી ગુનો ઉકેલવામાં પોલીસને સફળતા મળી. ત્યારબાદ ભીમા દુલાને ત્યાં રેડ કરવામાં આવી. રેડ દરમિયાન ફાર્મ હાઉસ પર ખુબ જ મોટા પ્રમાણમાં જીવલેણ હથિયાર, લાઈવ કાર્ટિસ, દારૂની બોટલ, ચાર જેટલા ફાયર રાઉન્ડ્સ મળી આવ્યા. ભીમા દુલા વિરૂદ્ધમાં પોરબંદર જિલ્લામાં કુલ ૪૮ ગુના દાખલ થયેલા છે. વર્ષ ૧૯૭૫થી લઈને ૨૦૧૧ સુધીમાં હત્યાના ૩ ગુના, હત્યાના પ્રયાસના ૪ ગુના, ૩૨૪-૩૨૫ના ગંભીર ઈજાના ૯ ગુના, ટાડાના ૪ ગુના, હથિયાર ધારાના ૭ ગુના નોંધાયેલા છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE
cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...